# એકમેકને ઓળખવાનો જ્ઞાતિ સેતુ


વર્ષ-૨ • અંક-૩
ફેબ્રુઆરી / માર્ચ – ૨૦૦૭
☆
**તંત્રી**
હંસરાજ કંસારા
☆
**તંત્રી મંડળ**
અતુલ સોની (૯૮૨૫૦ ૩૦૧૪૦)
કુ. એક્તા કટ્ટા - અંજાર (૯૮૭૯૧ ૯૪૩૩૪)
☆
**વ્યવસ્થાપક સમિતિ**
શૈલેષ કંસારા - ભુજ (૯૮૨૪૦ ૩૩૪૪૦)
પ્રશાંત બીજલાની
જયમીન જે. સોની
સૂર્યકાંત સોની
તુલસીદાસ કંસારા
☆
**માનદ્ સંયોજક**
પી. જી. સોની (ભુજ)
☆
**મુખપૃષ્ઠ ડિઝાઈન**
શ્રી જયેશ ઘડીયાળી
પ્રિન્ટોગ્રાફી, અમદાવાદ.
☆
**કાર્યાલય : ધવલ જ્વેલર્સ**
૧૪, ચાંલ્લા ઓળ,
માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૪૦૦૮
☆
**મૂલ્ય : રૂા. ૨૦/-**
**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**
☆
**E-mail** : gnatisetu@rediffmail.com


'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી....

વ્હાલા વાંચકોને વસંતના વધામણાં... વર્ષની આ શ્રેષ્ઠ ઋતુ દરમ્યાન પાનખરે પાંખી પડેલી પ્રકૃતિ પુનઃ પાંગરે છે. એના ઉમંગે માનવ-મન પોરસાય છે, કંઈક નવું કરવા પ્રેરાય છે. આપણી અંજાર જ્ઞાતિ દ્વારા પ્રાયોજીત સમાજલક્ષી કાર્યોમાં આ વસંતે જે નવા રંગ પૂર્યા છે, તેની 'સેતુ' સહર્ષ નોંધ લે છે. અહીં આપણી વાડી સ્થિત ભૂકંપભગ્ન મંદિરનું પુનઃ નિર્માણ થયું અને મહાશિવરાત્રીના સપરમા દિવસે, એમાં, માનકેશ્વર મહાદેવની નવી મૂર્તિની શાસ્ત્રોક્ત રીતે પ્રાણ પ્રતિષ્ઠા થઈ. અને જાણે દેવાધિદેવે પ્રસન્ન થઈ વરદાન આપ્યું હોય તેમ, એ દિવસે આયોજીત સમારોહ દરમ્યાન ભૂકંપ ધ્વસ્ત નવી વાડીના પુનઃ નિર્માણ માટે પણ શ્રેષ્ઠીઓએ દાન-વર્ષા કરી. આપણા મહામંડળના મહાનુભાવોએ તેમજ અન્ય સ્થળોએથી પધારેલા જ્ઞાતિ વડીલોએ આશિર્વાદ આપ્યા. અંજાર જ્ઞાતિના સમસ્ત પરિવારોએ આ પ્રસંગને ઉપસ્થિત રહી, યુવા નેતૃત્વને 'સમૂહ'નું સામર્થ્ય બક્ષ્યું. 'જ્ઞાતિ સેતુ', અંજાર જ્ઞાતિના સમસ્ત પરિવારોને, આ અપૂર્વ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે.

હવે આ વસંતે વાગોળવાની બીજી એક વાત. કચ્છમાં ઔદ્યોગિક ક્રાંતિનાં પગરણ થઈ રહ્યાં છે, જે માટે કુશળ કારીગરોની જબ્બર માંગ આગામી ભવિષ્યમાં ઊભી થશે. સામે પક્ષે આપણા વંશાનુગત સોના ચાંદી તાંબા પિત્તળના ગૃહ ઉદ્યોગો વૈશ્વિક પરિવર્તનના પડકારો ઝીલવા સક્ષમ રહ્યા નથી. આ સંયોગોમાં આપણા ઉદ્યમીઓ, કસબી કારીગરોએ પણ સમયની માંગને અનુરૂપ, વૈકલ્પિક વ્યવસાય અપનાવવા તકનીકી કુશળતા મેળવવી પડશે. 'જ્ઞાતિ સેતુ'ને વિશ્વાસ છે કે આપણું સ્થાનિક તેમજ સાર્વત્રિક નેતૃત્વ આ વિષયે સજાગ છે. હાલે ઉદ્યોગ ક્ષેત્રે કાર્યરત અથવા વૈચારિક ક્ષમતા ધરાવતા આપણી જ્ઞાતિના મહાનુભાવોને 'જ્ઞાતિ સેતુ'ની વિનંતી છે કે તેઓ આ ક્ષેત્રે ઉપલબ્ધ સંભાવનાઓ, તથા કુશળતા મેળવવાનાં ઉપાયો, સ્રોતો આદિ વિષે 'જ્ઞાતિ સેતુ'ને માહિતી – અવશ્ય મોકલે જેનું પ્રકાશન થતાં આપણી જ્ઞાતિની યુવા પેઢીને આવશ્યક એવું માર્ગદર્શન મળશે. સ્થાનિક જ્ઞાતિ મંડળ તેમજ મહામંડળના મહાનુભાવોને પણ વિનંતી છે કે, આ ક્ષેત્રે 'વિચાર દોહન' હેતુ ગોષ્ઠીઓનું આયોજન કરી "વંશાનુગત વ્યવસાય પુનઃ જીવન કે વ્યવસાય પરિવર્તન?"ના વિષય પર વિચાર વિમર્શ માટે પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન પુરૂં પાડે.

| | | |
|---|---|---|
| **અતુલ સોની** | **હંસરાજ કંસારા** | **મનુભાઈ કોટડીયા** |
| **માનદ્ મંત્રી** | **મુખ્ય તંત્રી** | **પ્રમુખ** |

# SETU # 2ND PROOF # 30-6


# અંજાર મધ્યે શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરનાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી

"મંદિર તારૂં વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહાર રે..."

આ સમગ્ર સૃષ્ટીનું સંચાલન એક સર્વોચ્ચ શક્તિ - ઈશ્વરીય શક્તિ દ્વારા કરવામાં આવે છે તેવી દ્રઢ માન્યતા વિશ્વની શ્રેષ્ઠત્તમ ભારતીય સંસ્કૃતિ ધરાવે છે. અને મનુષ્ય આ સૃષ્ટીમાં સંપૂર્ણ વિકાસ કરવાનાં હેતુસર અવતરે છે. બાહ્ય વિકાસ અને આંતરિક વિકાસ તેનું લક્ષ્ય છે. જીવનું અવતરણ થાય છે, જેને વિકાસ પામી એ સર્વોચ્ચ શક્તિ સમું શિવ ધવાનું હોય છે. આ વિકાસ યાત્રામાં સર્વશ્રેષ્ઠ વિશ્રામ સ્થાન હોય છે 'મંદિર'. આવા જ એક સર્વશ્રેષ્ઠ વિશ્રામ સ્થળ સમા શિવ મંદિરનું નિર્માણ કાર્ય સંપન્ન થતાં તેના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર દ્વારા કરવામાં આવ્યું. જ્ઞાતિની વાડી મધ્યે આવેલ, પુનઃનિર્મિત શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરનું દ્વિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો.



દ્વિ-દિવસીય આ મહોત્સવ મહા વદ-૧૩, તા. ૧૫-૨-૨૦૦૭ તથા મહા વદ-૧૪ (મહા શિવરાત્રી) તા. ૧૬-૨-૨૦૦૭ના શુભ દિવસે સંપન્ન કરવામાં આવ્યો. પ્રથમ દિવસે શ્રી ગણપતિ પૂજન, પુણ્યવાંચન, દેવતા આહ્વાન પૂજન અને દ્વિતીય દિવસે આવાહિત દેવતા પૂજન, મૂર્તિ પ્રતિષ્ઠા, મહા આરતી જેવી ધાર્મિક વિધિઓનાં આયોજનની સાથે પ્રથમ દિવસે જલયાત્રા અને સંતવાણી તથા દ્વિતીય દિવસે સત્કાર સમારંભ તથા સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. જેનું જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આનંદ માણ્યો હતો.



ધાર્મિક વિધિઓ અંતર્ગત શ્રી ગણપતિજી, શ્રી હનુમાનજી, શ્રી પાર્વતીજી, શ્રી ગંગાજી, શ્રી વરૂણ દેવતા, શ્રી યમરાજ, શ્રી કુબેર, શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુ ભગવાન, શ્રી મહેશ, શ્રી નંદી, શ્રી કૂર્મ દેવતા – સર્વે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા તથા શ્રી શિખરજી પૂજન અને શ્રી ધ્વનિજી પૂજનની સાથે સાથે સૌ પ્રથમવાર મંદિરનું દ્વાર ખોલવું, સૌપ્રથમવાર ભગવાનને જમાડવું, સૌપ્રથમવાર નિજ મંદિરની આરતી કરવી અને સૌ પ્રથમવાર રૂદ્રાભિષેક કરવાના શુભ અવસરો જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા સંપન્ન કરવામાં આવ્યા હતા.



આ મહોત્સવનાં પ્રથમ દિવસે આયોજીત જલયાત્રા, જ્ઞાતિની વાડીથી શરૂ થઈ ગંગા નાકા, ગંગાબજાર, મચ્છીપીઠ, સચ્ચિદાનંદ મંદિર ચોક, મોહનરાય ચોક, માધવરાય ચોક, કસ્ટમ ચોક અને લોહાર ચોક જેવા મુખ્ય માર્ગોથી થઈ પુનઃ મહોત્સવનાં શુભ સ્થળે વિરામ પામી હતી. જ્ઞાતિજનોએ પોતાના વ્યવસાયો બંધ રાખી, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ જલયાત્રાને ભવ્ય બનાવી હતી. તો જ્ઞાતિના યુવા વર્ગ તથા મહિલા વર્ગ રાસ-ગરબા દ્વારા ઉત્સાહને પ્રદર્શિત કરતા, ઉપસ્થિત રહ્યા હતા. તો રાત્રિ સમયે સંગીતાબેન લાબડિયા ગ્રુપે સંતવાણી રજૂ કરી હતી, જેનું મળસ્કે સુધી જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી આનંદ માણ્યો હતો.

મહોત્સવના દ્વિતીય દિવસે અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી શિવલાલ શામજીભાઈ મેવચાનાં અધ્યક્ષસ્થાને સત્કાર સમારંભનું આયોજન થયું હતું. જે અંતર્ગત શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળનાં પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી, ઉપપ્રમુખ શ્રી હીરાલાલભાઈ મોહનલાલભાઈ બગ્ગા, મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોની, મંત્રી શ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગા, સંગઠનમંત્રી તથા ભુજપ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલભાઈ સોલંકી, નખત્રાણા જ્ઞાતિ યુવક શ્રી હિંમતલાલભાઈ બેચરદાસ બગ્ગા, માંડવી જ્ઞાતિ પ્રમુખ શ્રી વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ, 'કચ્છમિત્ર' સમાચારપત્રનાં મેનેજર શ્રી શૈલેષભાઈ

હંસરાજભાઈ કંસારા, અંજાર જ્ઞાતિનાં પ.પૂ.ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ, શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળના ઉપપ્રમુખ તથા અંજાર સલાહકાર સમિતિના સભ્ય શ્રી હરિલાલ લખમશીભાઈ વીસાપરમાર, જ્ઞાતિનાં ઉપપ્રમુખ તથા મંદિર નિર્માણકાર્યનાં આધારસ્તંભ શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસાપરમાર, મહામંત્રી શ્રી ભરતભાઈ ચત્રભુજ ગોહીલ, મંત્રી તથા મંદિર નિર્માણનાં મુખ્ય દાતા શ્રી દિનેશભાઈ રાઘવજી સક્કરીયા, સલાહકાર સમિતિ સભ્ય શ્રી વેલજીભાઈ કાનજીભાઈ હેડાઉ તથા અંજાર જ્ઞાતિનાં નવનિર્મિત 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શાંતાબેન અમૃતલાલભાઈ બારમેડા, મંત્રી શ્રીમતી પિંકીબેન નિખિલકુમાર કટ્ટાએ મંચસ્થ આતિથ્ય સ્વીકાર્યું હતું. જેઓને સન્માનસહ સ્મૃતિચિન્હ પ્રદાન કરવામાં આવ્યું હતું. શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતીનું અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળના પ્રમુખપદે નિયુક્તિ બદલ અંજાર જ્ઞાતિનાં પ.પૂ.ગોરબાપાશ્રી દ્વારા કુમકુમ, તિલક તથા મંત્રોચ્ચાર અને જ્ઞાતિ પ્રમુખશ્રીનાં હસ્તે પાઘઢી તથા સ્મૃતિ ચિન્હ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. અને મંદિર નિર્માણ કાર્યમાં યોગદાન આપવા બદલ શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમારનું પાઘડી તથા રજત પત્રક દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત મંદિર નિર્માણકાર્યમાં આર્થિક યોગદાન આપનાર જ્ઞાતિશ્રેષ્ઠીઓ તથા નિર્માણકાર્યના કસબીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારંભ અંતર્ગત પ.પૂ.ગોરબાપાનાં આશીર્વચન તથા ઉપસ્થિત અતિથિઓના ઉદબોધન અંતર્ગત પ્રગટ થયેલ અંજાર જ્ઞાતિ સમાજવાડી નિર્માણનાં મંતવ્યોના આધારે ઉપસ્થિત જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા આર્થિક અનુદાનની ઘોષણાનો પ્રવાહ વહ્યો હતો.

દ્વિતીય દિવસે આ મહોત્સવનાં સમાપન પ્રસંગે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંજાર ઉપરાંત ભુજ, નખત્રાણા, માંડવીથી જ્ઞાતિ શ્રેષ્ઠીઓ, જ્ઞાતિજનો અનુમાન કરતાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી આ મહોત્સવને સફળ બનાવવા ભૂમિકા અદા કરી હતી.

દ્વિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની સમગ્ર શાસ્ત્રોક્ત ધાર્મિક વિધિઓનું આચાર્યપદ અંજાર જ્ઞાતિનાં પ.પૂ.ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલવ્યાસ અને શ્રી દેવેનભાઈ કનકચંદ્ર વ્યાસે શોભાવ્યું હતું. તથા શ્રી રાઘવજી કેશવજી સક્કરીયા પરિવાર, શ્રી હરીલાલ લખમશી વીસાપરમાર, શ્રી કાનજીભાઈ ગોવિંદજી હેડાઉ પરિવાર, શ્રી ચીમનલાલ ભુધુભાઈ બુધ્ધભટ્ટી પરિવાર, શ્રી વેલજીભાઈ શંભુભાઈ પોમલ પરિવાર, શ્રી હરિલાલ બેચરદાસ છત્રાળા પરિવાર તથા શ્રી વેલજીભાઈ જાદવજીભાઈ બારમેડા પરિવારનાં જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ યજમાનપદ શોભાવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ મંદિર નિર્માણકાર્યનાં શ્રી દિનેશભાઈ રાઘવજીભાઈ સક્કરીયા તથા શ્રી રાજેશભાઈ કેશવજીભાઈ વીસાપરમાર આધારસ્તંભ છે. આ મંદિર નિર્માણ કાર્યની મહત્તમ સફળતા શ્રી દિનેશભાઈ રાઘવજીભાઈ સક્કરીયાનું વિશિષ્ટ આર્થિક સહયોગ તથા શ્રી રાજેશભાઈની મંદિર નિર્માણમાં કલ્પનાતીત ભવ્યતા માટેની સુઝબુઝ તથા આર્થિક અને શારીરિક પરિશ્રમ પર અવલંબે છે.

આ દ્વિ-દિવસીય મહોત્સવને સફળ બનાવવા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજારના હોદ્દેદારો, કારોબારી સભ્યો, સલાહકાર સમિતિ સભ્યો તથા યુવક મંડળનાં સભ્યોએ યોગદાન આપ્યું હતું. સત્કાર સમારંભનું સરળ ભાષામાં સફળ સંચાલન અંજાર જ્ઞાતિનાં સહમંત્રી શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટીએ કર્યું હતું અને આભારવિધિ, કારોબારી સભ્ય શ્રી હસમુખભાઈ ફૂલચંદભાઈ પોમલે કરી હતી.

***ભરત સી. કંસારા***
***મહામંત્રી, શ્રી અ.મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર***

# ॥ સુભાષિત ચિંતન ॥

***"જબ લગી દીબી ઉફણે, તબ લગ સીઝી નાંહી,***
***સીઝી કો તબ જાનીએ, જબ નાચત - કૂદત નાંહી"***
***– સંત શ્રી મેકણ***

અર્થાત્, 'જ્યાં સુધી ખીચડીમાં ઉફાણો (ઉભરો) આવ્યા કરે છે ત્યાં સુધી તે સીઝેલી હોતી નથી. તેને સીઝેલી ત્યારે જ માની શકાય જ્યારે તેનો ઉફાણો શમી ગયો હોય.'


માનવીય જીવનમાં વિવિધ સમયે વિત્ત, વિદ્યા કે પદ-પ્રતિષ્ઠારૂપી શક્તિઓ પ્રાપ્ત થતી હોય છે. આ વ્યક્તિઓનું નિરર્થક પ્રદર્શન અને અહંકારરૂપી ઊભરો તે જ સાબિત કરે છે કે, આ શક્તિઓ તો મળેલ છે પરંતુ તે માટે પરિપક્વતાનો સમય હજુ નથી આવ્યો. આ શક્તિઓનું જ્યારે માનવીય જીવનને ઉન્નત બનાવવા નમ્રતાપૂર્વક, નિઃસ્વાર્થભાવે ઉપયોગ કરવામાં આવે છે ત્યારે જ તે શક્તિઓનો ધારક પરિપક્વ બને છે.

જેવી રીતે સીઝેલી ખીચડી સ્વાદમાં અનેરી મીઠાશવાળી અને પાચન શક્તિ વધારનાર તથા પૂરતું પોષણ આપનાર હોય છે. ગમે તેવા દર્દોમાં પણ પૌષ્ટીક આહાર બની રહે છે તેવી જ રીતે વિવિધ શક્તિઓનો જીવન ઉન્નતિકરણ માટે નમ્રતાપૂર્વકનો ઉપયોગ ઐક્યની મીઠાશ તથા સંગઠન શક્તિ વધારનાર બને છે. જેથી માનવીય સમુદાય પ્રત્યેક ક્ષેત્રે વિકસિત થવા સક્ષમ બને છે. પ્રત્યેક કાલાંતરની સામાજીક વિટંબણાઓ ટાળવા અક્સીર ઔષધ પુરવાર થઈ શકે છે.

***કુ. એકતા કટ્ટા - અંજાર***

# SETU # 2ND PROOF # 20-6

# શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ-ભુજ




**અનિલ છત્રાળા**
**પ્રમુખ**




**સંજય બુધ્ધભટ્ટી**
**ઉપપ્રમુખ**




**સુરેશ બિજલાણી 'સુબી'**
**મંત્રી**



**ગીરીશ સોલંકી**
**ખજાનચી**



**મનોજ મૈચા**
**સહમંત્રી**



**અશોક બુધ્ધભટ્ટી**
**સહ ખજાનચી**

તાજેતરમાં ભુજ ખાતે આપણી જ્ઞાતિનાં યુવક મંડળની નવરચના કરવા માટે મળેલી મિટીંગમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહ્યા હતા અને સર્વાનુમતે નવયુવાન અને જ્ઞાતિ માટે કાંઈક કરી છુટવા સદા તત્પર, ભુજ નગર પાલીકાના કાઉન્સિલર રહી ચૂકેલા **શ્રી અનિલભાઈ કે. છાત્રાળા**ની પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આ ઉપરાંત નીચે મુજબ કારોબારીની રચના થઈ છે :

- ઉપપ્રમુખ : શ્રી સંજય વી. બુધ્ધભટ્ટી
- મંત્રી : શ્રી સુરેશ એલ. બિજલાણી 'સુબી'
- સહમંત્રી : શ્રી મનોજ જે. મૈચા
- ખજાનચી : શ્રી ગીરીશ એ. સોલંકી
- સહ ખજાનચી : શ્રી અશોક જે. બુધ્ધભટ્ટી

આ ઉપરાંત ૨૨ સભ્યોને કારોબારીમાં સમાવવામાંઆવ્યા છે. નવયુવાનોની આ ટીમ જ્ઞાતિનાં ઉત્કર્ષ માટે અનેક કાર્યક્રમો યોજવા વિચારે છે.

"સેતુ" એ ખરા અર્થમાં જ્ઞાતિજનોના હૃદયમાં પ્રેમની આપ-લે કરતું માધ્યમ છે. જેના દ્વારા સંગઠન મજબુત બની રહ્યું છે. "સેતુ" દ્વારા ભુજ ઉપરાંત જ્યાં જ્યાં આપણી જ્ઞાતિ પ્રવૃત્ત છે એની માહિતી અને માર્ગદર્શન મળે છે. ભુજના નવનિયુક્ત યુવક મંડળે પણ કેટલાક મુદ્દાઓ વિચાર્યા છે :

- બ્લડ ગ્રુપીંગ કેમ્પ યોજી રક્તદાન-મહાદાનની ભાવનાને ઉજાગર કરવી.
- રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપવો.
- શિક્ષણ ક્ષેત્રે જ્ઞાતિનાં યુવાનોને પ્રોત્સાહિત કરવા.
- આરોગ્ય ક્ષેત્રે શક્ય એટલા મદદરૂપ થવું.
- કારીગર વર્ગની તકલીફો દૂર કરવા પ્રયત્નો કરવા.
- લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓ માટે 'મેરેજ બ્યુરો'ની રચના કરવી.
- મહિલાઓની પ્રવૃત્તિઓ જેવી કે સીલાઈ, મડવર્ક કે બ્યુટીકેર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે મહિલા સંગઠનને પ્રાધાન્ય આપવું.
- નવરાત્રિ મહોત્સવ 'મહાકાલી'ના આંગણે પૂરા ધાર્મિક મહોત્સવની જેમ ઉજવવો.
- દીવાળીના પર્વે સ્નેહ મિલન યોજવો.
- માતાજીનાં પાટોત્સવને રંગેચંગે ઉજવવા રવાડીનું આયોજન કરવું.
- જ્ઞાતિ દ્વારા યોજાતા સમૂહ લગ્નોત્સવમાં કે અન્ય કોઈ પણ કાર્યક્રમોમાં યુવક મંડળની સક્રિય ભૂમિકા રહેશે.
- કોઈને કોઈ ક્ષેત્રે નિપુણતા ધરાવતી વ્યક્તિ જે સમાજમાં જ્ઞાતિનું નામ રોશન કરે એવી વ્યક્તિનું 'સન્માન' કરવું.

યુવક મંડળ - ભુજ દ્વારા થતી પ્રવૃત્તિઓથી સદા આપને માહિતી પહોંચાડતા રહીશું. આશા છે, અમારી લાગણીને વાચા આપવા 'સેતુ'નો સાથ જરૂર મળતો રહેશે.

***સુરેશ એલ. બિજલાણી 'સુબી', મંત્રી***

*ભુજ જ્ઞાતિના નવ યુવાનોની ટીમને*
*'જ્ઞાતિ સેતુ' પરિવારના હાર્દિક અભિનંદન.*

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

*અમદાવાદ જ્ઞાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જ્ઞાતિ દ્વારા દર વર્ષે ઇનામ વિતરણ, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તથા ફ્રી નોટબુક્સ વિતરણ જેવી પ્રવૃતિઓ દાતાઓના સૌજન્યથી કરવામાં આવે છે*

*આગામી શૈક્ષણિક વર્ષ માટે ફ્રી નોટબુક વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. વિદ્યાદાનના આ શુભ કાર્ય માટે દાતાઓનું સૌજન્ય (સ્પોન્સરશીપ) આવકાર્ય છે. વધુ વિગત માટે જ્ઞાતિના કાર્યાલય – ધવલ જ્વેલર્સ, માણેકચોક, અમદાવાદનો સંપર્ક કરવા વિનંતી.* *– માનદ્ મંત્રી*

# SETU # 2ND PROOF # 20-6

# SETU # 2ND PROOF # 30-6

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર

## જ્ઞાતિની સમાજવાડીનું વાસ્તુ પૂજન

ગઈ તા. ૧૨-૨-૦૭ને સોમવારના શુભ દિને માધાપર ખાતે મારૂ કંસારા સોની જ્ઞાતિની સમાજવાડી - પાર્ટી પ્લોટનું વાસ્તુપૂજન યોજાઈ ગયું.

આર.ટી.ઓ. રીંગ રોડ, સ્વામિનારાયણ નગરની પાછળ, નવનિર્મિત સમાજવાડી – પાર્ટી પ્લોટ ખાતે આ પ્રસંગે હવન તેમજ ચંદીપાઠ યોજાયેલ હતા. જેમાં હવનના યજમાન તરીકે શ્રી ભરતભાઈ મુળજી ચૌહાણ, સતીષભાઈ ઈન્દરજી હેડાઉ, રાજેશ કનકભાઈ બુધ્ધભટ્ટી તથા વિજયભાઈ બુધ્ધભટ્ટી બેઠેલ હતા.



આ શુભ પ્રસંગે જ્ઞાતિ શિરોમણી શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી, ભુજ જ્ઞાતિનાં પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોની, 'કચ્છમિત્ર' દૈનિકનાં તંત્રી શ્રી શૈલેષભાઈ કંસારા, ભુજ યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઈ છત્રાળા, મંત્રી શ્રી સુરેશભાઈ બીજલાણી, સુનીલકુમાર માધવજી વિગેરે આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમાજવાડીનું આયોજન અને બાંધકામ માધાપર જ્ઞાતિપ્રમુખ શ્રી હસમુખભાઈ કે. મૈચાનાં માર્ગદર્શન હેઠળ ટૂંકાગાળામાં જ પૂર્ણ થયેલ હતું. તેઓએ ભવિષ્યમાં જ્ઞાતિને તેમજ સમાજને આથી પણ મોટું સંકુલ વિકસાવવા તત્પરતા દર્શાવી હતી. તેમજ આ કામ માટે હવે દરેક જ્ઞાતિજનોને સહયોગ આપવા અપીલ કરેલ હતી. ટૂંકા ગાળામાં જ સમાજ ઉપયોગી એવી આ સમાજવાડીનું બાંધકામ પૂર્ણ કરવામાં જ્ઞાતિ કારોબારી સભ્યોએ સંપૂર્ણ સહયોગ આપેલ હતો. જેમાં મંત્રીશ્રી દિલીપ બીજલાણી, ભરત મુળજી ચૌહાણ, હસમુખ બાબુલાલ બુધ્ધભટ્ટી, મુકેશ એલ. બારમેડા, મનસુખભાઈ બુધ્ધભટ્ટી, હિતેશ મનસુખભાઈ, મનોજ રામજીભાઈ, અમૃતલાલભાઈ વિગેરેએ સાથ સહકાર આપેલ હતો. સમાજવાડી બાંધકામમાં તેમજ આયોજનમાં જ્ઞાતિ કારોબારી સભ્ય શ્રી સતીષભાઈ હેડાઉએ વિશેષ રસ લઈ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમના માર્ગદર્શન હેઠળ સમાજવાડીનું કામ ખૂબ સરસ રીતે પાર પડેલ હતું. આમ, માધાપરમાં વસતા આપણા સમાજના જ્ઞાતિજનોને વર્ષોથી, પ્રસંગોપાત, જગ્યાની જે તકલીફ પડતી હતી તેના આ સમાજવાડીમાં લોકાર્પણથી એ તકલીફનો અંત આવ્યો હતો અને દરેક જ્ઞાતિજનો આ પ્રસંગે આનંદની લાગણી અનુભવી હતી.

*દિલીપ બિજલાની*

*મંત્રી, મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર દ્વારા મહિલા મંડળનું નિર્માણ



**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ - અંજારના હોદ્દેદારો. : ● (ડાબેથી જમણે બેઠેલા) : શ્રીમતી રૂક્ષ્મણીબેન ચમનલાલ સોલંકી (સહ ખજાનચી), શ્રીમતી ભગવતીબેન હેમેન્દ્રકુમાર કટ્ટા (ખજાનચી), શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા (પ્રમુખ), શ્રીમતી જયાબેન કાકુભાઈ બુધ્ધભટ્ટી (ઉપપ્રમુખ) ● (ઊભેલા) : શ્રીમતી અંજનાબેન નરેશકુમાર પોમલ (સહમંત્રી), શ્રીમતી પિંકીબેન નિખિલકુમાર કટ્ટા (મંત્રી)**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર મધ્યે ચાલતી વિવિધ મહિલા પ્રવૃત્તિઓ જેવી કે નવરાત્રિ મહોત્સવ, શરદોત્સવ, એકાદશી ભજન-સત્સંગ વગેરેનો વ્યાપ વધારવા તથા મહિલાઓને ઉત્સાહ, પ્રેરકબળ પુરૂં પાડવા વિગેરે જેવા હેતુસર મહિલા મંડળનું નિર્માણ કરવામાં આવ્યું.

ગત તા. ૧૩-૨-૨૦૦૭, મંગળવાનારં રોજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ- અંજારના સમાજવાડી સ્થળ મધ્યે, સાંજે ૪.૦૦ વાગ્યાથી જ્ઞાતિની મહિલાઓની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું. અંજાર જ્ઞાતિનાં પ.પૂ.ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ અને પ.પૂ.ગોરાણીમાં શ્રીમતી રમણબાળાબેન કનકચંદ્ર વ્યાસની શુભ ઉપસ્થિતિમાં, અંજાર જ્ઞાતિની મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓની સર્વ સહમતિથી મહિલા મંડળની રચના કરવામાં આવેલ. મહિલા મંડળનાં નિર્માણ દ્વારા વિવિધ જવાબદારીઓ સંભાળતા-સંભાળતાં, મહિલાઓ જે તે જવાબદારીમાં દક્ષતા પ્રાપ્ત કરી શકે છે અને તેથી આત્મવિશ્વાસ કેળવી પ્રગતિ કરી શકે છે. તેથી "શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડલ - અંજાર" નામ રાખવાનું પ.પૂ. ગોરબાપા દ્વારા પણ સમર્થન મળતાં જ આ નામકરણ કાર્ય સાથે તેનાં હોદ્દેદારો, સલાહકાર પ્રભારીઓ તથા કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. નવ-નિયુક્ત પ્રમુખ, ઉપપ્રમુખ તથા મંત્રીના ઉદબોધનો સાથે સાથે પ.પૂ.ગોરબાપા તથા ગોરાણીમાં એ આશીર્વચન પાઠવ્યા હતા. મહિલા-મંડળના નિર્માણની ખુશાલીરૂપે ઉપસ્થિતોએ અલ્પાહારનો આનંદ માણ્યો હતો.

આ સમગ્ર આયોજન અંતર્ગત બેઠક વ્યવસ્થા તથા અલ્પાહાર વ્યવસ્થા શ્રી રાજેશભાઈ કેશવલાલભાઈ વીસાપરમારનાં સહર્ષ સૌજન્યથી કરવામાં આવી હતી. સાઉન્ડ વ્યવસ્થા શ્રી મહેશભાઈ કાંતિલાલભાઈ બુધ્ધભટ્ટી દ્વારા કરવામાં આવી હતી.

**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ - અંજાર**

- પ્રમુખ : શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા
- ઉપપ્રમુખ : શ્રીમતી જયાબેન કાકુભાઈ બુધ્ધભટ્ટી
- મંત્રી : શ્રીમતી પિંકીબેન નિખિલકુમાર કટ્ટા
- સહમંત્રી : શ્રીમતી અંજનાબેન નરેશકુમાર પોમલ
- ખજાનચી : શ્રીમતી ભગવતીબેન હેમેન્દ્રકુમાર કટ્ટા
- સહ ખજાનચી : શ્રીમતી રૂક્ષ્મણીબેન ચમનલાલ સોલંકી
- સલાહકાર પ્રભારી : શ્રીમતી સ્મિતાબેન હરીલાલ વીસાપરમાર
  શ્રીમતી ભાગીરથીબેન વેલજીભાઈ હેડાઉ
  શ્રીમતી દયાબેન હિંમતલાલ ગુજરાતી
  શ્રીમતી ભાવનાબેન હરીશભાઈ બારમેડા
  કુ.એકતા હેમેન્દ્રકુમાર કટ્ટા
- કારોબારી સભ્યો : શ્રીમતી તરૂણાબેન નરેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી
  શ્રીમતી જસ્મીનબેન અનિલકુમાર બગ્ગા
  શ્રીમતી નર્મદાબેન વિનોદભાઈ બીજલાણી
  શ્રીમતી માયાબેન નરોત્તમભાઈ છત્રાળા
  શ્રીમતી દયાબેન જગદીશભાઈ છત્રાળા
  શ્રીમતી કલ્પનાબેન નીતિનભાઈ બુધ્ધભટ્ટી
  શ્રીમતી રીમાબેન શૈલેષભાઈ પોમલ
  શ્રીમતી જ્યોતિબેન રમેશભાઈ બારમેડા
  શ્રીમતી શારદાબેન પ્રકાશચંદ્ર બારમેડા
  શ્રીમતી શારદાબેન નવીનભાઈ ગોહીલ
  શ્રીમતી ભાવનાબેન ભરતભાઈ બુધ્ધભટ્ટી
  શ્રીમતી શાંતાબેન વિનોદકુમાર બારમેડા
  શ્રીમતી ભાવનાબેન હસમુખભાઈ પોમલ
  શ્રીમતી હંસાબેન ધીરજલાલ મૈચા
  શ્રીમતી રમીલાબેન વસંતભાઈ બારમેડા
  શ્રીમતી સુશીલાબેન પ્રવીણકુમાર સાકરીયા
  શ્રીમતી સુશીલાબેન કિરણકુમાર હેડાઉ
  શ્રીમતી હંસાબેન સંજયકુમાર બારમેડા

***— કુ. એકતા કટ્ટા - અંજાર***

# SETU # 2ND PROOF # 30-6

- ૯૯૯.૦ શુધ્ધતાની સોનાની લગડી/સિક્કા.
- ૧ ગ્રામ થી ૧૦ તોલા સુધીની લગડી તથા ૧ ગ્રામથી ૨૦ ગ્રામ સુધીની લગડી કાર્ડ પેકીંગમાં પણ ઉપલબ્ધ.
- ૯૯૯.૦ શુધ્ધતાના ચાંદીના ચોરસા.

સોના તથા ચાંદીની જ્વેલરી અને આર્ટીકલ માટેનું વિશ્વાસ પાત્ર હોલમાર્કીંગ સેન્ટર.

BIS દ્વારા શુધ્ધતાનાં પ્રમાણિત અંકો

| 958 | 916 | 875 | 750 | 585 | 375 |
|---|---|---|---|---|---|
| ૨૩ કેરેટ | ૨૨ કેરેટ | ૨૧ કેરેટ | ૧૮ કેરેટ | ૧૪ કેરેટ | ૯ કેરેટ |



# ગુજરાત ગોલ્ડ સેન્ટર

: રીફાઈનરી :
ગુજરાત હોઝીયરી મીલ કંપાઉન્ડ,
વિજય પેટ્રોલ પંપ પાછળ, રખીયાલ રોડ, અમદાવાદ-૨૧.
ફોન : [illegible]
ફેક્સ : [illegible]

[illegible]-૧ : [illegible], સી.જી. રોડ, અમદાવાદ.
ફોન : [illegible] ફેક્સ : [illegible]
[illegible]-૨ : [illegible]
[illegible], વડોદરા.
ફોન : [illegible]

e-mail : gac@icenet.net Website : www.gujaratgold.com

# પરંપરાગત વ્યવસાય સમક્ષ પડકારો

## એક SWOT વિશ્લેષણ

અતુલ સોની

આપણા દેશનું અર્થતંત્ર હાલમાં ખૂબ મજબૂત બની રહ્યું છે. વિદેશી રોકાણ તથા ઘરેલું ઉદ્યોગોના સાહસિક પગલાંને લીધે દેશભરમાં તેજીનો માહોલ છે. શહેરોમાં મોટા મોટા મૉલ – 'સુપર મૉલ' બની રહ્યા છે. રીટેઈલ વેપાર માટે વિશ્વભરની કંપનીઓ ભારત તરફ નજર કરવા લાગી છે. આ સમયમાં આપણા સમાજના પરંપરાગત સોના-ચાંદી તથા વાસણના વ્યવસાયોના સ્વરૂપ પણ બદલાઈ રહ્યા છે. એક તરફ હરીફાઈના યુગમાં પાછળ રહી જવાનો ભય છે, તો બીજી તરફ ક્ષિતિજ પર વિકાસની નવી તકો દેખાય છે. આ સંદર્ભમાં આપણા હાલના વ્યવસાયનું એક SWOT વિશ્લેષણ પ્રસ્તુત છે. મેનેજમેન્ટની દૃષ્ટિએ SWOT વિશ્લેષણમાં (૧) **S – Strength** (આપણી તાકાત), (૨) **W** – Weakness (આપણી મર્યાદાઓ), (૩) **O** – Opportunities (નવી તકો) તથા (૪) **T** – Threat (પડકારો)ની વિચારણા કરવી જરૂરી બને છે.

**SWOT વિશ્લેષણ**

| | | |
|---|---|---|
| **S** – | Strength | (તાકાત) |
| **W** – | Weakness | (મર્યાદાઓ) |
| **O** – | Opportunities | (તકો) |
| **T** – | Threat | (પડકારો) |

*આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં લઈ કરવામાં આવતા વિશ્લેષણને SWOT વિશ્લેષણ કહે છે.*

### (૧) STRENGTH (આપણી તાકાત) :

સોના ચાંદી તથા વાસણના વ્યવસાયો એ આપણા પરંપરાગત વ્યવસાયો છે. આ ધંધાની સર્વે ખૂબીઓ અને ખામીઓ વિશેનું જ્ઞાન ગળથુથીમાંથી મળે છે. સોનીનો દીકરી કારીગરીનું જ્ઞાન ખૂબ સહજતાથી મેળવી શકે છે. તે ઉપરાંત સમાજના મોટાભાગના સભ્યો આ ધંધાઓમાં હોવાથી પરસ્પર વ્યવસાયિક સંપર્કો મજબુત છે. જેના કારણે કચ્છ વિસ્તારમાં સોના ચાંદીના વેપાર પર આપણા સમાજની મજબૂત પક્કડ છે.

સોના ચાંદીના વ્યવસાયમાં સૌથી મોટી મૂડી વિશ્વાસની હોય છે. પેઢી દર પેઢી આપણે ગ્રાહકોનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા છીએ. આ ગ્રાહકો સાથેના કૌટુંબિક સંબંધો પણ વિકસ્યા છે. આ આપણી મોટી તાકાત છે. સોના ચાંદીના ઘરેણાની કારીગરીના સંદર્ભે વિચારીએ તો વિશ્વકર્મા દ્વારા અપાયેલ આ કલાના વરદાનથી સુંદર અને કલાત્મક ઘરેણા ઘડવામાં સમાજના કારીગરોનું પ્રદાન સુવિદિત છે, જેની નોંધ ઈતિહાસમાં પણ લેવાયેલ છે.

### (૨) WEAKNESS (આપણી મર્યાદાઓ) :

જેવી રીતે આપણા વ્યવસાય ક્ષેત્રે આપણી આગવી તાકાત છે તેવી રીતે જ કેટલીક નબળાઈઓ પણ છે. કોઈપણ સમાજ કે વ્યક્તિએ વિકાસ સાધવો હોય ત્યારે પોતાની મર્યાદાઓને નજરઅંદાજ ન કરી શકેય.

સોના ચાંદી અને વાસણના વ્યવસાય સંદર્ભમાં વિચારીએ તો નવી ટેક્નોલોજી પ્રત્યેની ઉદાસીનતા કદાચ સૌથી મોટી નબળાઈ છે. વિશ્વભરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ સાથે વ્યવસાયિક ઉત્પાદનની પધ્ધતિઓમાં ઝડપથી ફેરફાર આવી રહ્યા છે. વાસણ ક્ષેત્રમાં મોટાભાગની કામગીરી યાંત્રિક રીતે - મશીન પર થાય છે. સોના ચાંદીના ક્ષેત્રમાં પણ બારીક કામગીરી મશીન પર થવા લાગી છે. ખૂબ નાજુક ઘરેણાઓ પણ કાસ્ટીંગની આધુનિક ટેક્નોલોજીથી બની રહ્યા છે. આ સંદર્ભમાં આપણો સમાજ જોઈએ તે રીતે પ્રગતિ કરી શકેલ નથી તે સત્ય હકીકત છે.

ઉચ્ચ શિક્ષણનો અભાવ એ વ્યવસાયિક પ્રગતિમાં મોટા અંતરાયરૂપ બની શકે છે કારણકે ઉદારીકરણના પગલે મોટી કંપનીઓ સોના ચાંદીના વ્યવસાયમાં આવી રહેલ છે. ભવિષ્યમાં બ્રાન્ડેડ જ્વેલરીના મોટા પાયે ઉત્પાદન કે માર્કેટીંગ ક્ષેત્રે આગળ વધવા શૈક્ષણિક – ખાસ કરીને અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ જરૂરી બનશે. આથી યુવાનોમાં શિક્ષણના અભાવની મર્યાદાને સમજવી જરૂરી છે.

કારીગરી ક્ષેત્રે નવી ટેક્નોલોજી શીખવા માટે વ્યવસાયીક તાલીમ જરૂરી છે. હાલમાં આપણા સમાજમાં પધ્ધતિસરનાં વ્યવસાયીક તાલીમ મેળવવા માટે ખાસ અભિરૂચિ દેખાતી નથી. કચ્છમાં તાલીમ કેન્દ્રોનો અભાવ છે તો ઘર છોડીને બહાર શીખવા જવાની તાલાવેલી પણ નથી. આ પણ એક મર્યાદા છે.

સમાજના યુવાનો પૈકીને એક વર્ગ વ્યસનનો ભોગ બની રહેલ છે. જુગાર, દારૂ, સટ્ટા જેવા દૂષણોથી યુવા ધન વેડફાય તેનાથી વધારે મોટી ખોટ સમાજ માટે બીજી કઈ હોઈ શકે?

**(૩) OPPORTUNITIES (આવનારી તકો) :**

વ્યવસાય ક્ષેત્રે નવી તકોનું નિર્માણ થઈ રહેલ છે. વિશ્વ આજે ભારતના યુવાનો તરફ માનથી જોઈ રહેલ છે. જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગ ઝડપથી પ્રગતિ કરી રહેલ છે. ભારતીય ઘરેણાની માંગ વિશ્વભરમાં ખૂબ વધી રહી છે. નિકાસ ક્ષેત્રે ઝડપથી વિકાસ થઈ રહેલ છે. ડાયમંડ ક્ષેત્રે ભારતનું યોગદાન ખૂબ મોટું છે. આપણા સમાજના વ્યવસાયીકો સ્થાનિક ક્ષેત્રમાં વેપાર વધારવા મહેનત કરી રહેલ છે ત્યારે ભવિષ્યમાં વૈશ્વિક ક્ષેત્રે પણ આગળ વધી શકે તેવી તકો છે. બીજું, આર્થિક વિકાસ વધતાં સોનામાં રોકાણ થવાની તકો વધી છે. જમીન તથા રીયલ એસ્ટેટ ક્ષેત્રની તેજીનો લાભ સોના ચાંદીના વ્યવસાયને મળી શકે છે.

આગામી સમયમાં 'બ્રાન્ડેડ જ્વેલરી'નું ચલણ વધે ત્યારે સ્થાનિક વેપારીઓને પણ મોટી કંપનીની માર્કેટીંગ ટેકનીક (જાહેરાત વિગેરે)નો લાભ મળશે.

સોના ચાંદીના કારીગરો માટે જ્વેલરી ડિઝાઈનીંગ તથા હીરા ઉદ્યોગને સંલગ્ન ક્ષેત્રોમાં નવી તકો મળે તેમ છે. જરૂરિયાત છે તાલીમ મેળવવાની માનસિકતા કેળવવાની અને મહેનતની.

**(૪) THREAT (પડકારો) :**

ભૂતકાળમાં ક્યારેય પણ ના આવ્યા હોય તેવા પડકારો પરંપરાગત સોના ચાંદી તથા વાસણના કારીગરો માટે હાલમાં આવેલ છે. એક તરફ સોના ચાંદીમાં મોટા પ્રમાણમાં બંગાળી કારીગરો કબ્જો જમાવી રહેલ છે ત્યારે બીજી તરફ બહારના જથ્થાબંધ વેપારીઓ મોટા પ્રમાણમાં તૈયાર માલ સ્થાનિક બજારોમાં ઠાલવી રહ્યા છે. દેશી ઘાટને બદલે નાજુક વજનની ડિઝાઈનર જ્વેલરીનું ચલણ વધ્યું છે. સોના-ચાંદીમાં ભાવો વધતા ઘરાકીમાં અસર થયેલ છે. જેના કારણે મોટાભાગના કારીગરોની હાલત સારી નથી. વર્ષોથી એક જ વ્યવસાયમાં રહ્યા બાદ હવે કારીગરો નવો ધંધો કરી શકે તેમ નથી. વાસણ ઉદ્યોગમાં તો નાના કારીગરો લગભગ ભુંસાઈ ગયા છે. સોના ચાંદીનો વ્યવસાય મોટી મૂડીનો વેપાર છે. જો મૂડીના વ્યાજ સહિતના ખર્ચાઓ ગણવામાં આવે તો વેપારમાં પણ વળતર દિન પ્રતિદિન ઘટી રહ્યું છે. આ ઉપરાંત હવે સોના ચાંદીના ધંધા માટે સલામતીનો પ્રશ્ન પણ ઊભો થયો છે.

આગામી સમયમાં એટલે કે વર્ષ ૨૦૦૮થી સોનાના તમામ ઘરેણાઓ પર હૉલમાર્ક (Hallmark) ફરજીયાત થવાની સરકાર દ્વારા જાહેરાત થયેલ છે. હાલની પરિસ્થિતિમાં Hallmark અંગેની પ્રક્રિયા ખૂબ જટીલ છે. Hallmarkના Assay સેન્ટરો હજુ દરેક જીલ્લામાં નથી. તૈયાર દાગીના પર માર્ક લગાવવા બહારગામ મોકલવામાં સલામતીનો પ્રશ્ન પણ છે જ. આથી આગામી સમયમાં સમગ્ર વ્યવસાયનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે ત્યારે તે માટે સજ્જ થવું એ સમાજ માટે સૌથી મોટો પડકાર છે.

નવરચિત શ્રી ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા રોજગાર અને વ્યવસાય અંગેની સમસ્યાઓને ધ્યાનમાં લઈ એક સમિતિની રચના કરવામાં આવેલ છે. ભવિષ્યમાં પરસ્પર સહકારની ભાવનાથી વ્યવસાય સમક્ષ આવતા પડકારોને પહોંચી વળવા સમગ્ર સમાજે સજ્જ થવું પડશે. પ્રસ્તુત લેખમાં SWOT વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરેલ છે. સમસ્યાના ઉકેલની દિશા તરફના આપના વિચારો અને મંતવ્યો આવકાર્ય છે.

***અતુલ સોની***
***માનદ્ મંત્રી, અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ***

---

## પરમાત્મા

પરમાત્માને શોધવા ઘણા લોકો નીકળે છે, પણ વ્યર્થ. તેની કોશિષ બેકાર જાય છે કારણકે તેનું મૂલ્ય ચૂકવવા તે સમર્થ નથી. બધું સરળતાથી પામવા માંગે છે, કંઈપણ ગુમાવ્યા વગર પામવા માંગે છે. માટે જ પામવાની આકાંક્ષા છતાંય કંઈ જ પામી શકતો નથી - આ પામર મનુષ્ય. અને પછી જ્યારે કંઈપણ હાથ ન લાગે, પછડાટ લાગે એટલે ફરી પાછો અહંકારનો શત્રુ જાગે. જ્યારે પરમાત્માને પામવા માટેની પાત્રતા પોતાનામાં ન રહે એટલે એ જ જૂનો શિયાળવાળો તર્ક... જ્યારે દ્રાક્ષને આંબી ન શકાય તો... દ્રાક્ષ ખાટી છે.

જ્યારે પરમાત્માને શોધી નથી શકાતા ત્યારે પામર દલીલ કે પરમાત્મા, ઈશ્વર છે જ નહીં. સાગરમાં રહેલી માછલી ક્યારેય સાગરની વિશાળતા પામી શકી છે? એ સાગરનો અંશ છે, એમાં જ ઉદ્‌ભવ થાય છે, એમાં જ તે વિલીન થાય છે. તો પામવાની કે શોધવાની વાત જ વ્યર્થ છે! આખી દુનિયાને જોઈ નિહાળી શકતી આપણી આંખોએ ખુદના ચહેરાને જોયો છે? હા, દર્પણમાં જરૂર પણ તે તો પ્રતિબિંબ છે. આભાસ છે, રૂબરૂ નથી...

પરમાત્મા આપણી અંદર જ છે. તેને શોધવાની જરૂરત શી? આપણે જ કદાચ પીઠ ફેરવી ભટક્યા કરીએ છીએ. માનવમાત્ર તેનું સર્જન છે. તેનો જ અંશ છે. એમાં જ ઉદ્‌ભવવું, ખીલવું અને વિલીન થવું તે વસ્તુ શાશ્વત છે, સનાતન છે. તેનો સ્વીકાર એ જ પરમાત્માને પામવું છે. તેણે પોતાના આગવા ત્રાજવાથી આપણને તોળ્યા છે. એણે આપેલું સઘળું સ્વીકારવામાં જ પરમ સંતોષ છે.

***સરોજ હિતેન સોલંકી - ભુજ***

# SETU # 2ND PROOF # 30-6


# વ્યક્તિ વિશેષ

## સ્વ. ઠાકરશી પુ. કંસારા

ન્યાયાધીશ, વહીવટકર્તા, અધ્યાપક, ઈતિહાસકાર, લેખક, ચિંતક - દેખાવે ધીર-ગંભીર, સ્વભાવે મૃદુ અને જેમના સાનિધ્યમાં બેસવાનું વારંવાર મન થતું એવા એક સાચુકલા માનવી એટલે શ્રી ઠાકરશી પુરૂષોત્તમ કંસારા.

૨૦ ફેબ્રુઆરી ૧૯૦૮ના કચ્છ મુંદ્રા ખાતે એમનો જન્મ થયો. અંજાર તેમનું મૂળ ગામ. B.A., LL.B. સુધીનો અભ્યાસ. કચ્છમાં તેમની જ્ઞાતિમાં, આટલું ઉચ્ચ શિક્ષણ મેળવનાર તેઓ પ્રથમ હતા.

શ્રી ઠાકરશીભાઈએ ૧૯૩૩માં કચ્છમાં વકીલાતનો વ્યવસાય અપનાવ્યો અને પાંચ વરસમાં જ ૧૯૩૮માં તેઓ ન્યાયાધીશ નિમાયા. એક ઈમાનદાર - ન્યાયપ્રિય ન્યાયાધીશ તરીકે કચ્છ તેમને ક્યારેય ન ભૂલી શકે એવી અમિટ છાપ તેમણે ઉપસાવી.



ન્યાયાધીશપદેથી નિવૃત્ત થયા અને ગુજરાતની પ્રખ્યાત જાંથરી ટી.બી. હોસ્પિટલ ખાતે તેમને વહીવટદાર તરીકે નિમણુંક મળી. તેઓએ હોસ્પિટલના વહીવટ ઉપરાંત દર્દીઓની સંભાળ લેવામાં પણ અંગત રસ દાખવી સૌની ચાહના મેળવી.

સેવા નિવૃત્ત થયા બાદ ભુજની ડી.એલ. લૉ કોલેજમાં પૂર્ણ સમયના પ્રાધ્યાપક તરીકે જોડાઈ કાયદાના વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો.

એક લેખક તરીકે શ્રી ઠાકરશીભાઈ કંસારાએ વિવિધતા દર્શાવી હતી. એમણે સંધ્યાના રંગ, ગુજરાતના સીમાડે, ઝારાનું યુધ્ધ જેવી ઐતિહાસિક નવલકથાઓ લખી. 'પથિક' સામાયિકમાં તેમના લેખો, વાર્તાઓ અને એક ધારાવાહિક નવલકથા નિયમિતરૂપે પ્રસિધ્ધ થઈ હતી. આ ઉપરાંત સ્વદેશ, રંગતરંગ, અખંડ આનંદ અને કચ્છ મિત્ર જેવા દૈનિક અને સામાયિકોમાં તેમના લેખ અને વાર્તાઓને સ્થાન મળતું. એમના કાયદા વિષયક લેખો 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને 'નેશનલ હેરાલ્ડ' જેવા અંગ્રેજી રાષ્ટ્રીય દૈનિકમાં પણ પ્રકાશિત થતા.

કચ્છના ઈતિહાસ બાબત શ્રી ઠાકરશીભાઈનું કચ્છમાં વાગડથી લઈને પચ્છમ્ બધા જ વિસ્તારોમાં નોકરી દરમ્યાન રહેવાનું થતાં જાત અભ્યાસે મેળવેલું જ્ઞાન આકાશ જેટલું વિશાળ હતું. કચ્છ ઈતિહાસ પરિષદના તેઓ સ્થાપક સભ્યો પૈકીના એક હતા. 'ક્રાંતિની જ્યોત' પુસ્તકમાં તેમણે લોકશાહી ખમીરનાં દર્શન કરાવ્યાં, જેની ઈતિહાસકારોએ સરાહનીય નોંધ લીધી. એમણે ૮૨ વરસની જૈફ વયે 'કચ્છ ઈતિહાસ અને સંસ્કૃતિ' જેવા અભ્યાસપૂર્ણ ગ્રંથની ભેટ આપી. ધાર્મિક ગ્રંથોના વાંચનમાં પણ તેમને એટલો જ રસ હતો. ભગવદ્ ગીતા અને મહાભારત ઉપર એમની સંશોધનયુક્ત નાનકડી પુસ્તિકાઓ પ્રગટ થઈ છે.

કચ્છી અગ્રણીઓ સર્વશ્રી કુંદનલાલભાઈ ધોળકીયા, દુલેરાય કારાણી, નવીનભાઈ શાસ્ત્રી, ઈતિહાસકાર માનસંગજી બારડ, રામસિંહજી રાઠોડ તેમજ વિદ્યા વાચસ્પતિ વંદનીય કે.કા. શાસ્ત્રી સાથે તેમને ઘનિષ્ઠ સંબંધ હતો. શ્રી ઠાકરશીભાઈને ઈતિહાસકાર તરીકે કચ્છના સીમાડા બહાર પ્રસિધ્ધિ આપવામાં પૂજ્ય કે. કા. શાસ્ત્રીજીનું મહત્તમ યોગદાન રહ્યું.

અત્રે નોંધવાનું કે સામયિક વાંચવાની ઉત્કંઠા રહે એવું મુઠ્ઠી ઊંચેરું સ્થાન 'કચ્છ શ્રુતિ'ને અપાવનાર તેના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ, એ શ્રી ઠાકરશીભાઈના પુત્ર થાય. 'કચ્છમિત્ર' દૈનિકના મેનેજર અને જ્ઞાતિ સમાજના અગ્રણી કાર્યકર શ્રી શૈલેષભાઈ કંસારા, તેમના પૌત્ર થાય. વિખ્યાત ફોટોગ્રાફર એલ.એમ. પોમલ તેમના જમાઈ થાય.

આવા ઉમદા ઈન્સાન, એમના અમદાવાદ વસવાટ દરમ્યાન ૨૦ જાન્યુઆરી, ૧૯૯૬ના પરમધામ સિધાવ્યા. ઠાકરશીભાઈએ એમની ન્યાયમૂર્તિ તરીકેની જવાબદારી ઈમાનદારીપૂર્વક નિભાવી અને એમનું કાયદાનું જ્ઞાન અનુભવની સરાણે ચડાવ્યા પછી તેને લગતું અધ્યાપન કાર્ય પણ પૂરતી દક્ષતાથી કર્યું. અધ્યાપન કાર્ય અને વાર્તાલાપ થકી તેમજ પુસ્તકો લખી તેમણે તેમના જ્ઞાનનો લાભ એમની અવસ્થાના અંતિમ દિવસો સુધી સમાજને આપ્યો. આગામી વરસે તેમના જન્મ શતાબ્દી વરસના પ્રારંભે તેમને યોગ્ય અંજલિ આપવાનું આપણે નહીં ચૂકીએ તેવી અપેક્ષા.

*– પ્રા. પૃથ્વી શાહ*


## પ્રતિભાવ

"જ્ઞાતિસેતુ" એટલે જ્ઞાતિજનોને એકબીજાની પરસ્પર પ્રેમભાવથી સાંકળી લેવું. તમે આ "જ્ઞાતિસેતુ" પવિત્ર કાર્યક્રમ શરૂ કરીને અમારો જે તમારા પ્રત્યે પ્રેમભાવ હતો એ હવે ખૂબ વધી ગયો છે. આ કાર્યક્રમ શરૂ કરીને અમારા મનમાં પડેલા પ્રગટ વિચારો બહાર આવ્યા છે. હવે આ કાર્યક્રમ નિરંતર પ્રગતિ કરે અને હંમેશા ચાલુ રહે એ જ મારી વિનંતી.

*કુ. વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર*

# SETU # 2ND PROOF # 30-6

## ॥ ચતુર્થ પુણ્યતિથિએ વાત્સલ્યમૂર્તિને શ્રધ્ધા સુમન ॥



## સ્વ. પૂજ્ય પિતાશ્રી સોની હરીલાલ વાઘજી બારમેડા

**સ્વર્ગવાસ : તા. ૨૧-૨-૨૦૦૩ (મહા વદ-૫)**

**મૂળ વતન : કચ્છ, રેહા (કોટડા) ● હાલ : મુલુંડ (મુંબઈ)**

*આધકંર અને પથ્થંર, કાટકથી ભરેલં અં મંર્ગમાં*
*જીવન એવુા જીવી ગયં કે જોનંરં જોયં કરે,*
*કર્મ દતં એવં કર્ય કે દૈંનં હૃતયમાં ગુાજ્યં.*
*અંપની અનાસ શ્રધ્ધં, અંપનં પ્રેમંળ, કર્સવ્યનિષ્ઠ વ્યક્સિત્વને શસ્ શસ્ પ્રણંમ.*
*પ્રભુ અંપનં તિવાગસ પુણ્યંત્મંને ચિર શંાસિ અર્પે એ જ આસઃકરણપૂર્વક પ્રંર્થનં.*

**● આપના આજીવન ઋણી બાળકો ●**

**સોની હરીશ હરીલાલ બારમેડા (પુત્ર)** — **નીશીત હરીશ બારમેડા (પૌત્ર)**
**સોની રીપા હરીશ બારમેડા (પુત્રવધૂ)** — **કરન હરીશ બારમેડા (પૌત્ર)**
**સોની હસમુખ હરીલાલ બારમેડા (પુત્ર)** — **ખુશી હસમુખ બારમેડા (પૌત્રી)**
**સોની માનસી હસમુખ બારમેડા (પુત્રવધૂ)**
**પ્રીતિ પ્રતિક પોમલ - ભુજ (પુત્રી) ★ પ્રતિક મોતીલાલ પોમલ - ભુજ (જમાઈ)**
**જાનવી પ્રતિક પોમલ (દોહિત્રી)**

---

### મે. હરીશ એચ. સોની એન્ડ કું.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

એ/૩, કૈલાસ કુંજ, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

# વિદ્યાર્થીઓ માટે સફળતાની રણનીતિ

• કુ. વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર •

- **પ્રસ્તાવના :**

*વિદ્યાર્થી જીવન એક શ્રેષ્ઠ જીવન છે!*
*તમે એક વિદ્યાર્થી નથી પણ ઈશ્વરની 'ઊર્જા' છો...!*
*તમારી અંદર ભરપૂર શક્તિઓ રહેલી છે.*
*તેને ઓળખો - બહાર કાઢો.*
*અને વિશ્વમાં તમારું 'નામ' તથા*
*આપણા 'ભારત' દેશનું ગૌરવ વધારો.*
*પણ તેને માટે તનતોડ મહેનત,*
*અડગ નિર્ધાર અને નિર્ણયશક્તિ*
*સ્થિર મન -*
*ઉડાન ભરવાની ખેવના*
*ઈશ્વરમાં વિશ્વાસ,*
*અને મા-બાપના આશિર્વાદની જરૂર પડે.*
*તમારા ભવિષ્યના પ્રવાસમાં*
*હું આશા રાખું કે 'સફળતાની રણનીતિ' તમને*
*વિજય આપશે.*

- **તમારી બૌધ્ધિક ક્ષમતા :**

૧. ઈશ્વરે આપણને મગજ આપ્યું છે તેની કિંમત સમજો.

૨. અત્યારે તમે આ વાંચી રહ્યા છો. તમારૂં મગજ સમજી રહ્યું છે. ચોપડી પકડેલી છે, આંખો પાના ઉપર છે અને આજુબાજુ અવાજ પણ થતો હશે અને તમારૂં મગજ આ ત્રણથી ચાર વસ્તુ એક સાથે કરી રહ્યું છે.

૩. આપણા મગજની અંદર ૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ પરમાણુઓ છે અને ૧ પરમાણુ દર સેકંડે ૬ લાખ રીએક્શન આપી શકે છે. તો આપણા મગજની ક્ષમતા કેટલી થઈ? વિચારી લ્યો.

૪. તમારૂં ભવિષ્ય તમારા મગજમાં જ છે. જીવનમાં ધ્યેય રાખવા ખૂબ જ જરૂરી છે. 'કલ્પના શક્તિ'નો ઉપયોગ કરી તમારા ધ્યેયો ડાયરીમાં લખી નાખો. પાંચ પ્રકારના ધ્યેય રાખી શકાય :

★ વ્યક્તિગત ધ્યેય
★ પરિવાર માટે ધ્યેય
★ નોકરી માટે ધ્યેય
★ સમાજ માટે ધ્યેય
★ આધ્યાત્મિક ધ્યેય.

૫. સકારાત્મક વિચાર : કલ્પનાશક્તિ - સતત તેનું મનન - બ્રહ્માંડની શક્તિને પણ જગાડી શકે છે. આ તાકાત દરેકમાં હોય જ છે...!


- **વાંચવાની સાચી કળા :**

વાંચવાની સાચી રીત શીખવી ખૂબ જ જરૂરી છે. કારણ જ્યારે આપણે વાંચતા હોઈએ છીએ ત્યારે આપણી દૃષ્ટિ કદાચ ચોપડીમાં હોય પણ મગજ ક્યાંક બીજે દોડતું હોય છે. વૈજ્ઞાનિકોએ વાંચવાની સાચી રીત સમજાવી છે. જેને અંગ્રેજીમાં ૩ "R"ટેકનીક કહેવામાં આવે છે. ૩ "R" ટેકનીક પ્રમાણે વાંચવાથી યાદ પણ રહે છે અને ઓછા સમયમાં જલ્દી પરિણામ આવે છે.

- **3 "R" ટેકનીક :**

1. **R = READ** રીડ - વાંચો
2. **R = RECALL** - રીકોલ - ફરી યાદ કરો
3. **R = REVIEW** - રીવ્યુ - અવલોકો અને નોંધો.

- **CAREER CHART "C" NETWORK**




1. **CARE :** TAKE CARE OF YOURSELF & EVERY MEMBER OF YOUR FAMILY.
2. **CONCERN :** HAVE CONCERN FOR PEOPLE AROUND YOU.
3. **COMMITMENT :** FULFILL ALL YOUR COMMITMENTS BE COMMITTED.

4. **COMMUNICATION :** IMPROVE YOUR COMMUNICATION SKILLS.
5. **CREATIVITY :** BE CREATIVE IN YOUR IDEAS.
6. **CURIOSITY :** HAVE CURIOSITY TO LEARN MORE.
7. **CAPACITY :** INCREASE YOUR PHYSICAL & MENTAL CAPACITY.
8. **COURAGE :** HAVE COURAG TO TAKE RISK.
9. **CONCENTRATE :** CONCENTRATE ON YOUR GOALS AND STUDY WITH CONCENTRATION.
10. **CHEERFUL :** ALWAYS BE CHEERFUL THROUGHOUT THE DAY.
11. **CHARACTER :** HAVE A VERY STRONG CHARACTER. CHARACTER BUILDS PERSONALITY.
12. **COSMOS :** COSMOS IS READY TO HELP YOU.

- **ગુરૂજનો પાસેથી શીખ :**

| | |
|---|---|
| કૃષ્ણ | : તમારૂં કર્મ ચૂકશો નહં. |
| જીસસ | : બધાને પ્રેમ કરો |
| મોહમ્મદ પયગંબર | : ઈશ્વર એક જ છે. |
| ગુરૂ નાનક | : દયાભાવ અને કરૂણા |
| ગૌતમ બુધ્ધ | : જરૂર પૂરતું બોલો. |
| મહાવીર | : સહનશીલતા |
| મહર્ષિ પતંજલી | : ધારણા - ધ્યાન - સમાધિ |
| રામકૃષ્ણ પરમહંસ | : ધીરજ અને ધૈર્ય |
| કબીર | : સદ્‌ભાવના અને સંસ્કાર |
| નરસિંહ મહેતા | : ઈશ્વર ઉપર ભરોસો |
| લાઓત્સે | : અહંકાર છોડો |
| ઝરથુષ્ટ્ર | : હસતા રહો |
| ગુરૂ જયેફ | : શોધો - મેળવો - હાંસલ કરો. |
| અષ્ટાવક્ર | : આંતરીક પરિવર્તન |
| સ્વામી વિવેકાનંદ | : ઉઠો, જાગો અને ધ્યેય તરફ મંડ્યા રહો. |

***THERE IS NO RAMZAN WITHOUT "RAM"***

***THERE IS NO "DIWALI" WITHOUT "ALI".***

## આપણી વ્યવસાયિક આવશ્યક્તાઓ

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિના મહામંડળ દ્વારા તા. ૧૩-૧૨-૦૬ના રોજ ભુજ ખાતે આયોજીત મહા અધિવેશન પ્રસંગે સામાજીક એકતા, શિક્ષણ, તબીબી, વ્યવસાય અને ધંધા રોજગારને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું, તો ધંધા રોજગાર માટે આપણા સમાજમાં કારીગર વર્ગ વિશે ધ્યાન આપવું જોઈએ. સોના-ચાંદીના ભાવોની વધઘટ સામે કારીગર અને નાના વેપારીઓ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે તે માટે મોટા વેપારીઓ તેમને થોડુંક કામ આપે તો આપણો સમાજ પ્રગતિનાં પંથે આગળ વધે. જ્યારે વર્તમાન પરિસ્થિતિ વિશે કહીએ તો વધતા જતા બંગાળી કારીગરો અને બદલાતી જતી આધુનિક ડિઝાઈનનાં ઘરેણાની માંગ મુજબ બહારથી તૈયાર આવેલી જ્વેલરીના કારણે આપણા કારીગરોની રોજી રોટી છીનવાઈ જતી લાગે છે. ઘણા નાના કારીગરો બાપદાદાનો ધંધો છોડી કડિયાકામ, કલર કામ, હાથ લારીનો ધંધો તથા અન્ય ધંધામાં નોકરી કરતા જોવા મળે છે ત્યારે જીવન જરૂરિયાતની વસ્તુ પૂરી ન પડવાને કારણે સ્ત્રીઓને પણ બહાર કામ માટે જવું પડે છે. જો આપણો સમાજ શિક્ષણ ક્ષેત્રે યુવાનોને આગળ આવવાની તરફેણ કરતો હોય તો તે કઈ રીતે? આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે માતા-પિતા પોતાના સંતાન પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતા નથી. પરિણામે કિશોર અવસ્થામાં પહોંચેલ બાળક શિક્ષણ પ્રત્યે નબળા થાય અથવા ફેઈલ થાય છે. આથી વિદ્યાર્થીઓ શિક્ષણ છોડી નાના ધંધામાં જોડાઈ જાય છે. આ રીતે પિતા પોતાની આવક વધારે અને આપણા જ ધંધામાં જોડાય અને કારીગરીમાં પણ આધુનિક ડિઝાઈન પ્રમાણે તેઓ જ્ઞાન મેળવે તો આપણા સમાજના લોકોને રોજગારી મળી રહે અને બંગાળી કારીગરોનું પ્રમાણ ઘટે.

જ્યારે કોઈપણ વ્યક્તિ શિક્ષણ ક્ષેત્રે આગળ વધી, ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતી નોકરી કરવા ઈચ્છતા હોય ત્યારે ભ્રષ્ટાચાર, લાંચ રુશવત, રાજકીય દખલગીરીનો સામનો કરવો પડે છે. જો આપણા સમાજમાં આવી વ્યક્તિ હોય તો સમાજમાં ઉચ્ચ કાર્યકર્તાઓ પોતાની વગથી તેમનાં કાર્યને સરળ ન બનાવી શકે? કચ્છ કે કચ્છથી બહાર વસતા આપણા સમાજના મહામંડળની કમિટીના સભ્યો તેનું સર્વેક્ષણ કરી, બંધારણની વિશેષતા પર પ્રકાશ પાડે અને આપણો સમાજ સુખી અને સમૃધ્ધ બને અને બધા પ્રગતિનાં માર્ગ પર સરળતાથી ચાલી શકે તેમ માટે આપણે આપણા કર્તવ્યોને સારી રીતે સમજીએ.

નિર્ધારીત કરેલા કર્તવ્યોનું પાલન કરી સમાજને સાર્થક અને ઉન્નત બનાવવા પ્રયત્ન કરતા રહીએ.

***શાંતાબેન અમૃતલાલ બારમેડા - અંજાર***
***પ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ - અંજાર***

# આપણી અવિચ્છિન્ન પરંપરાઓ

## "પોમલ પરિવારનાં નૈવેદ્ય"

કુ. એકતા કટ્ટા - અંજાર

પોમલ ગોત્રનાં કુળદેવી 'શ્રી વાંકલ ચામુંડા' છે. તેઓનું મૂળ સ્થાનક રાજસ્થાનનાં 'વિરાત્રા' ગામે આવેલ છે. અંદાજે સાચા ચારસો-પાંચસો વર્ષ પૂર્વે મૂળ રાજસ્થાનથી કચ્છમાં આગમન કરેલ છે. અંજાર શહેરમાં પૂર્વે ઘરમાં અને ત્યારબાદ મંદિરમાં સ્થાપના કરવામાં આવેલ. જ્યાં અખંડ જ્યોત અને સવાર-સાંજ ધૂપ-દીપ કરવામાં આવે છે. દર ચંદ્ર દર્શને પેંડા - શ્રીફળની ચડતર ચડાવવામાં આવે છે. મહા સુદ ચૌદશે મોટા નૈવેદ્ય કરવામાં આવે છે. જેમાં સમસ્ત પોમલ ભાઈઓ સાથે મળી હવન અને સમૂહ-પ્રસાદનું આયોજન કરે છે.

***<u>પોમલ ગોત્રનાં વાર્ષિક નૈવેદ્ય</u>*** :

- **કારતક વદ નોમ** : લાસપીનાં નૈવેદ્ય કરવા (કુળદેવીની સ્થાપનાના નૈવેદ્ય)
- **મહા સુદ આઠમ** : લાપસી, તલ અને ચુરમાના લાડુનાં નૈવેદ્ય તથા આયુ માતાના ખીર તથા પૂરીનાં નૈવેદ્ય કરવા.
- **મહા સુદ ચૌદસ** : લાપસી, તલ અને ચુરમાના લાડુ, બાફેલી જુવાર, પૂરી તથા રમકડાંનાં નૈવેદ્ય કરવા.
- **ફાગણ સુદ પૂનમ (હોળી)** : લાપસીનાં નૈવેદ્ય કરવા.
- **ચૈત્ર સુદ એકમ** : લાપસી, ખીર, પૂરીનાં નૈવેદ્ય કરવા. (આયુ માતાનાં સ્થાપનાના નૈવેદ્ય કરવા.)
- **ચૈત્ર સુદ આઠમ** : લાપસીનાં નૈવેદ્ય તથા આયુ માતાને ખીર-પૂરીનાં નૈવેદ્ય કરવા.
- **અષાઢ સુદ બીજ** : લાપસીનાં નૈવેદ્ય તથા આયુ માતાને ખીર - પૂરીનાં નૈવેદ્ય કરવા.
- **આસો સુદ આઠમ** : લાપસીનાં નૈવેદ્ય તથા આયુ માતાને ખીર - પૂરીનાં નૈવેદ્ય કરવા.
- **આસો વદ ચૌદસ (કાળી ચૌદસ)** : તલ અને ચુરમાના લાડુનાં નૈવેદ્ય તથા આયુ માતાનાં ખીર-પૂરીનાં નૈવેદ્ય કરવા.
- **આસો વદ અમાસ (દિવાળી)** : લાપસીનાં નૈવેદ્ય કરવા.
- **શ્રીમંતના નૈવેદ્ય** : લાપસી, તલ અને ચુરમાના લાડુ તથા તલ અને બાફેલી જુવારનાં નૈવેદ્ય તથા આયુ માતાના ખીર-પૂરીનાં નૈવેદ્ય કરવા.
- બાળકના જન્મ બાદ દોઢ મહિના પછી લાપસીનાં નૈવેદ્ય કરવા.
- **ધ્રબકના નૈવેદ્ય** : પુત્રનાં જન્મ બાદ એક શ્રીફળ, લાપસી, પેંડાના નૈવેદ્ય કરવા તથા આયુ માતાને ખીર - પૂરીના નૈવેદ્ય કરવા. તદુપરાંત સોનાનાં બે ચાંદલા, એક છત્તર, ચુંદડી ચડાવવી તથા નવ કુમારીકા જમાડી ધ્રબકનાં નૈવેદ્ય કરવા.
- પુત્ર જન્મ બાદ ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય : પુત્ર જન્મનાં દોઢ મહિના બાદ સમયાનુસાર ખેતરપાળ દાદાનાં કુલેર, મગદાળ (પલાળેલી), એક શ્રીફળ, તલનો લાડુ, પેંડા તથા દૂધનાં નૈવેદ્ય કરવા તથા સિંદૂર અને 'પિંગોડો' (લાકડીનું નાનું પારણું) ચડાવવો.
- **બાલ-મુંડનના નૈવેદ્ય** : કુળ દેવીને સવા રૂપિયાનું ઘી તથા ગોળ ચડાવી મુંડન કરાવવું.
- **લગ્નનાં નૈવેદ્ય** : લાપસી, તલ અને ચુરમાના લાડુ, બાફેલી જુવાર, શ્રીફળનાં નૈવેદ્ય તથા આયુ માતાનાં ખીર- પૂરીનાં નૈવેદ્ય કરવા.

પરણવા જતા પૂર્વે વરરાજા પ્રથમ કુળદેવી પાસે શ્રીફળ મૂકી દર્શન કરે છે તથા પરણીને પરત ફરતાં જોડલું પ્રથમ કુળદેવી માં ના દર્શન કરી, શક્ય હોય તો નૈવેદ્ય કરવા અથવા ઘી-ગોળ ધરાવ્યા બાદ જ ઘર સંસારમાં પ્રવેશ કરી શકે.


પુત્ર જન્મ બાદ 'ગરી' (ઘી-ગોળ) કાઢવાની હોય છે. જે એકી સંખ્યામાં ત્રણ, પાંચ કે વધુ નિયાણીને આપ્યા પછી જ માતા પાણી પી શકે.

પોમલ ગોત્રમાં પ્રસંગોપાત ઢોલ વગાડવું, ઘુઘરી, બ્લ્યુ રંગનાં વસ્ત્રો કે ગરી કરેલ વસ્ત્રોનો નિષેધ છે. વિશેષતઃ કુળદેવીના મંદિરમાં તો કાળા તથા બ્લ્યુ રંગના વસ્ત્રો તો ન જ પહેરવા. કાળો રંગ કુળદેવીને પસંદ નથી. આ માહિતીનાં પ્રેષકનો સ્વયં અનુભવ છે કે બ્લ્યુ સ્યાહીથી ઉપરોક્ત માહિતી લખવાનો પ્રયાસ નિષ્ફળ જ રહ્યો અને જ્યારે લાલ સ્યાહીથી ઉપરોક્ત માહિતી પ્રથમ પ્રયાસમાં જ સફળતાપૂર્વક લખી શકેલ છે. કુળદેવીને 'લાલ' વસ્ત્રો જ પસંદ હોતાં, બીજા રંગના વસ્ત્રો કુળદેવી પર રહેતા જ નથી. કુળદેવી પોતાનાં ભક્તોની મનોઈચ્છા પૂરી કરતી હોવાથી, મંદિરમાં આગંતુકોની સંખ્યા સતત વધતી જ રહે છે અને દરેકની મનોઈચ્છા કુળદેવી માં પૂરી પણ કરે છે.

***માહિતી માર્ગદર્શન : ગં.સ્વ. જમનાબેન છગનલાલ પોમલ - અંજાર (કચ્છ)***

***પ્રેષક : શ્રીમતી અંજનાબેન નરેશકુમાર પોમલ (સહમંત્રી, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ - અંજાર)***

## શ્રધ્ધાંજલિ



### સ્વ. સોની જેન્તીલાલ જમનાદાસ મૈચા

**માધાપર (કચ્છ) ● સ્વર્ગવાસ : તા. ૨૪-૨-૨૦૦૭**

*પરમ કૃપંળુ પરમંત્મં અંપનં કર્મયેંગી અંત્મંને ચિર શંાસિ અર્પે એ જ પ્રંર્થનં દહ...*

॥ આપના સદા ઋણી પરિવાર.... ॥

**સોની રૂક્ષ્મણીબેન જેન્તીલાલ (પત્ની)**

સોની કૈલેશ જેન્તીલાલ (પુત્ર) સોની હંસા અતુલકુમાર (પુત્રી) રોહન - માનસી - પાર્થ
સોની વિમળાબેન કૈલેશભાઈ (પુત્રવધૂ) સોની અતુલકુમાર શંકરલાલ (જમાઈ) પુનિત - પ્રણાલી - અંજલી


## જે. ડી. નોવેલ્ટીઝ

★ કટલેરી ★ કોસ્મેટીક ★ બ્રા-પેન્ટી ★ નાઈટી
★ ગોલ્ડ ઈમિટેશન જ્વેલરીના વેપારી

નખત્રાણા મેઈન બજાર, નખત્રાણા, કચ્છ.



**પ્રો. નવીનચંદ્ર વિશ્રામ સોની**

# સોનાના દાગીના પર હોલમાર્ક ફરજીયાત !

સુરેશ કંસારા - અમદાવાદ

*આપણા સમાજનો મોટો વર્ગ સોના-ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલ છે ત્યારે આગામી વર્ષથી ફરજીયાત થનાર હોલમાર્ક અંગેની માહિતી ઉપયોગી રહેશે તેવી આશા છે.*

*પ્રસ્તુત લેખ, ઓલ ઈન્ડિયા જ્વેલરી હોલમાર્કીંગ એસોસિએશનના પ્રમુખ શ્રી સુરેશભાઈ કંસારા દ્વારા આપવામાં આવેલ છે. તેઓ અમદાવાદ ખાતે 'ગુજરાત ગોલ્ડ સેન્ટર' નામે અદ્યતન હોલમાર્કીંગ સેન્ટર ચલાવે છે. અત્યંત વ્યસ્તતા હોવા છતાં 'જ્ઞાતિ સેતુ' માટે ખાસ જહેમત લઈ સુંદર માહિતી આપેલ છે, તે બદલ 'જ્ઞાતિ સેતુ' તેમનો આભારી છે.*

*– તંત્રી મંડળ*

સદીઓથી ભારત દેશ સોના સાથે એક યા બીજી રીતે સંકળાયેલ છે. આ પીળી ચમકતી ધાતુ દરેક દેશવાસીના ઘરનું એક અભિન્ન અંગ છે.

દીકરીને લગ્ન પ્રસંગે અપાતું કન્યાદાન મહદ્અંશે સોનાનું હોય છે અને તેનો હેતુ પણ વ્યાજબી છે. કારણકે આકસ્મિક સંજોગોમાં જરૂર વખતે આ ધન હંમેશા કામમાં આવે છે.




સુખી ઘરના લોકો સોનાને ઈન્વેસ્ટમેન્ટ તરીકે ખરીદતા હોય છે. લાંબાગાળે સોનાના વધતા ભાવ તેઓને અચૂક યોગ્ય વળતર આપી જાય છે.

સદીઓથી આયુર્વેદમાં સુવર્ણ ભસ્મનો વપરાશ પ્રચલિત છે.

આવા સંજોગોમાં વપરાશમાં લેવામાં આવતું સોનું શુધ્ધ છે કે નહીં અને તેની શુધ્ધતા ચકાસણીની રીતોથી વાકેફ થવું એ આજના સમયમાં ખૂબ જ જરૂરી છે.

સોનાના દાગીના તથા આર્ટીકલ્સમાં કેટલી શુધ્ધતા છે તે જાણવા માટે ભારત સરકારે હોલમાર્કીંગ સ્કીમ અમલમાં મૂકી છે.

● **ભારતમાં હોલમાર્ક :**

ભારત સરકારના ગ્રાહક સુરક્ષા વિભાગે બજારમાં વેચાતા સોનાના દાગીનાનો અવારનવાર ચકાસણી કરાવતાં દાગીનાની શુધ્ધતામાં અનેક ક્ષતિઓ જોવા મળી અને મોટાભાગના નમુના શુધ્ધતાના માપદંડમાં ૧૫% થી ૩૮% સુધી ઓછા ઉતરેલ જણાયા.

આ દરમ્યાન ભારત સરકારના ગ્રાહકો બાબતના વિભાગે ભારતીય માનક બ્યુરો સંસ્થા ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) દ્વારા હોલમાર્કીંગ વિશે દેશભરમાં જાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો ચાલુ કર્યા. દેશભરમાં અનેક સ્થળોએ જ્વેલર્સની સાથે ચર્ચા વિચારણા કરીને હોલમાર્કીંગ કરવા માટે ઍસે સેન્ટરો ચાલુ કરવા પરવાના આપ્યા તેમજ જ્વેલર્સને હોલમાર્કીંગ માટે લાઈસન્સ આપવામાં આવ્યા. સને ૨૦૦૦માં સર્વપ્રથમ સંપૂર્ણ ચકાસણી બાદ પાંચ ઍસે સેન્ટરો ચાલુ કરવામાં આવ્યા. જેમાં ગુજરાતમાં અમદાવાદ ખાતે ગુજરાત ગોલ્ડ સેન્ટરને પણ પરવાનો આપવામાં આવ્યો. ત્યારપછી ક્રમશઃ દેશભરમાં ૩૯ જેટલા સેન્ટરો ચાલુ કરવામાં આવ્યા. તેમાં ગુજરાતમાં અમદાવાદ-૨, વડોદરા-૧, રાજકોટ-૧, સુરત-૧ એમ પાંચ સેન્ટરો કાર્યરત છે. હાલ હોલમાર્કીંગ એ સ્વૈચ્છિક છે પરંતુ સને ૨૦૦૮ની શરૂઆતથી હોલમાર્કીંગ ગ્રાહકોની સુરક્ષા માટે ફરજીયાત કરવા ભારત સરકારે કવાયત શરૂ કરી છે. આ દરેક સેન્ટરોને BIS દ્વારા નક્કી કરેલ ધારાધોરણ IS 1418 અને IS 1417 મુજબ દાગીનાની ચકાસણી કરવાની હોય છે. સોના ચાંદીના દાગીના, આર્ટીકલની શુધ્ધતાની ચકાસણી કરવામાં આવતી પધ્ધતિને એસે (Assay) કહેવામાં આવે છે અને તેના માપદંડો અનુસાર આંતરરાષ્ટ્રીય પધ્ધતિ મુજબ જ ચકાસણી કરતી લેબોરેટરીને એસે સેન્ટર તરીકે ઓળખવામાં આવે છે અને દરેક સેન્ટરે આ માપદંડોનું ચુસ્ત રીતે પાલન કરવાનું હોય છે. ત્યારબાદ ક્રમશઃ દરેક એસે સેન્ટરને NABL (નેશનલ એક્રીડીએશન બોર્ડ ઓફ કેમિકલ ટેસ્ટીંગ)ની માન્યતા પ્રાપ્ત કરવા માટે જણાવાયું અને સર્વપ્રથમ NABL માન્યતા પ્રાપ્ત કરવા માટે અમદાવાદમાં ગુજરાત ગોલ્ડ

# SETU # 2ND PROOF # 20-6

સેન્ટરને જણાવાયું અને તે રીતે ગુજરાતનું અને દેશભરમાં પ્રથમ એવું ગુજરાત ગોલ્ડ સેન્ટરે આ માન્યતા નવેમ્બર ૨૦૦૫માં પ્રાપ્ત કરી અને આંતરરાષ્ટ્રીય ધોરણો ISO/IEC 17025 અનુસાર પ્રથમ એવું સેન્ટર બન્યું એ ગુજરાત માટે ગૌરવની વાત છે.

હાલમાં ફરી વખત એસોકેમ (Assochem) દ્વારા કરવામાં આવેલ સર્વેમાં પણ હોલમાર્કીંગ વિનાના દાગીનામાં ૯૦% દાગીના જણાવેલ શુધ્ધતા કરતાં ઓછા ઉતરેલ જણાયા અને ફક્ત ૧૦% દાગીના શુધ્ધતા મુજબ દર્શાવેલ પ્રમાણ ધરાવતા હતા.

આથી ભારતીય માનક સંસ્થાએ આ બાબતોને ગંભીરતાથી લઈ હોલમાર્ક વિષે વધુ જાગૃતિ લાવવા નિશ્ચય કર્યો.

- **હોલમાર્ક શું છે?**

ગ્રાહકોને સુરક્ષા પ્રદાન કરવા માટે આજથી આશરે ૭૦૦ વર્ષ પહેલાં બ્રિટનમાં આ સેવાઓ આપવામાં આવતી હતી.

એક મોટા હોલમાં સોનુ-ચાંદી અને દાગીના વેચનાર અને લેનાર સામસામે ચકાસણી કરીને સોના-ચાંદીના દાગીનાની શુધ્ધતા મુજબ ભાવ નક્કી કરી લેતા અને તે દાગીના ઉપર જે માર્કીંગ થયું હોય તે હોલમાર્ક થયેલ છે તેમ કહેવાતું.

ત્યારબાદ બ્રિટનમાં સનેર ૧૯૭૩માં હોલમાર્કીંગ એક્ટ અમલમાં આવ્યો અને લંડન, બર્મિંગહામ, શેફીલ્ડ અને એડીનબરોમાં શુધ્ધતાની ચકાસણી કરતાં એસે સેન્ટર ચાલુ થયા. વખત જતાં યુરોપના મોટાભાગના દેશો અને એશિયાના કેટલાક દેશોમાં આ કાયદો અમલમાં આવી ગયો.

આ દેશોમાં એસે સેન્ટરોને સોનુ-ચાંદી, પ્લેટીનમ જેવી કિંમતી ધાતુના બનેલા દાગીના તથા આર્ટીકલને તટસ્થ રીતે શુધ્ધતાની ચકાસણી કરીને કાયદા મુજબ માર્કીંગ કરવાના પરવાના આપવામાં આવ્યા. આ દેશોમાં હોલમાર્ક કર્યા સિવાયના દાગીના વેચી શકાતા નથી અને વેચાય તો તેને ફક્ત મેટલ (ધાતુ) કહેવાય છે અને તે કિંમતી ધાતુમાં ગણાતા નથી.

- **હોલમાર્ક કરેલ દાગીનાની વિગત :**

જે વેપારીએ (જ્વેલર્સ) BIS પાસેથી હોલમાર્ક કરવા માટે પરવાનો મેળવેલ હોય તેમણે તેમના દાગીના હોલમાર્કીંગ સેન્ટરમાં મોકલવાના હોય છે. ગ્રાહકોમાં જાગૃતિ વધતાં દેશમાં આશરે ૨૫૦૦થી વધુ જ્વેલર્સ ભાઈઓએ આવા પરવાનાં મેળવેલ છે.

હોલમાર્કીંગ સેન્ટરમાં પરવાનેદાર જ્વેલર્સ મોકલેલ દાગીના સ્વતંત્ર રીતે ચકાસણી કરવામાં આવે છે અને જે તે જણાવેલ શુધ્ધતા મુજબ ખરા ઉતરે તો તે દાગીનામાં BIS દ્વારા જણાવેલ ચિન્હો લેસર મશીન દ્વારા માર્ક કરવામાં આવે છે.

ભારતીય માનક સંસ્થા BIS દ્વારા સોનાના દાગીનામાં શુધ્ધતા મુજબ નીચેના અંકો નક્કી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ■ ૨૩ કેરેટ : **958** | ■ ૨૨ કેરેટ : **916** |
| ■ ૨૧ કેરેટ : **875** | ■ ૧૮ કેરેટ : **750** |
| ■ ૧૪ કેરેટ : **585** | ■ ૯ કેરેટ : **375** |

*દા.ત. :* ૨૨ કેરેટ એ **916** એટલે કે સોનાની શુધ્ધતા ૯૧.૬% ઓછી નથી તેવું દર્શાવવામાં આવે છે.

## આત્મવિશ્વાસ

***તે નથી કલ્પના, તે નથી સચ્ચાઈ***
***તે નથી ઈમાન, તે નથી ખુદ્દારી,***
***તે નથી ખોટું, તે નથી સાચું.***

ઈશ્વર, અલ્લાહ, ભગવાન શું છે? નામ છે અલગ અલગ પણ બધા કહે છે કે તે એક જ છે. પણ તે શું છે? તે છે તમારો જ આત્મવિશ્વાસ.

ભગવાન! એ એક આત્મવિશ્વાસ છે. એ વિશ્વાસથી આપણે એની પાસે કંઈક માંગીએ છીએ અને કંઈક પામવાની ઈચ્છા ધરાવીએ છીએ. અને મનમાં એમ થાય છે કે તે આપણને ચોક્કસ જ મળી જશે. તે છે આપણો વિશ્વાસ. તેથી જ તેઆપણને મળે છે. આપણે ભગવાન પાસે માંગીએ છીએ કે મને પરીક્ષામાં સારા માર્કસ આવે. જીવનમાં જ્યારે આપણે આગળ વધી સફળ થઈએ ત્યારે તે આપણને ભગવાન નથી આપતો પણ આપણા આત્મવિશ્વાસ દ્વારા જ તે આપણે મેળવીએ છીએ. કોઈ પણ પ્રકારનો રોગ થયો હોય કે કોઈ પણ પ્રકારનું આપણને દુઃખ હોય તો આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે તે બધું જ મટી જાય. પણ તે ખરેખર, ભગવાન નથી મટાડતો, તે આપણો જ આત્મવિશ્વાસ, આપણી જ શ્રધ્ધા, ધીરજ મટાડે છે. પોતાનો આત્મવિશ્વાસ જ દુનિયામાં આપણને આગળ વધારે છે. હંમેશા બધી જ વસ્તુમાં વિશ્વાસ હોવો જરૂરી છે કારણકે વિશ્વાસ એ બહુ જ કિંમતી અને અમૂલ્ય વસ્તુ છે.

જીવનમાં આગળ વધવા માટે, પ્રગતિ કરવા માટે પોતાનું દુઃખ ભુલાવવા માટે ધીરજ હોવી બહુ જ જરૂરી છે અને તે આત્મવિશ્વાસ દરેક વ્યક્તિમાં છે. બસ, તેને જગાડવો જરૂરી છે. પછી આપણી ભગવાન પાસેની બધી પ્રાર્થના સફળ થશે કારણકે આત્મવિશ્વાસ એ બીજું કંઈ નથી પણ ઈશ્વર છે. અને એ ઈશ્વર બીજું કંઈ નથી પણ આપણો આત્મવિશ્વાસ છે.

આમ તે સિક્કાની બે બાજુની જેમ એકબીજાની પૂરક છે.

***સીમા એન. પોમલ - ભુજ***

# SETU # 2ND PROOF # 20-6

# સ્ત્રી અને વ્યવસાયિક અભિગમ

સ્ત્રી ધારે તો શું નથી કરી શકતી? સ્ત્રી તો સહનશક્તિની મૂર્તિ છે. તેની આત્મશક્તિ મજબૂત હોય તો ગૃહકાર્યની સાથે વ્યવસાય પણ અજબ-ગજબની ચાતુરીથી સંભાળી, તે કુટુંબ-પરિવારને મદદરૂપ થાય છે. આર્થિક દષ્ટિએ સંપન્ન સ્ત્રી પણ જો વ્યવસાય કરે તો 'ત્રેવડ ત્રીજો ભાઈ' એ પ્રમાણે અન્ય કૌટુંબિક જરૂરિયાતમંદોને અવશ્ય મદદરૂપ થઈ શકે છે.

હવે, પ્રશ્ન એ છે કે, સ્ત્રીએ વ્યવસાય કેવો કરવો? પરિવારનાં દરેક સભ્યની અનુકૂળતાએ ફ્રી ટાઈમમાં થઈ શકે તેવો વ્યવસાય કરવો જોઈએ. જેથી ગૃહકાર્ય તનાવરહિત રહે અને ઘરનાં દરેક સભ્યની પ્રસન્નતાપૂર્વક મદદ પ્રાપ્ત થઈ શકે. આધુનિક સમયમાં નોકરી કરવી એક ફેશન થઈ ગઈ છે પરંતુ નોકરી કોના માટે આવશ્યક છે અને કોના માટે નહીં? તે વિચારવું પણ આવશ્યક છે. નોકરી કરવા સમયે કૌટુંબિક જવાબદારીઓની મુશ્કેલીઓ તથા અન્ય કેવા કેવા અનુભવો થાય છે, તે તો નોકરી કરતી બહેનોનાં મોઢે સાંભળતા વિચાર આવે કે, સ્ત્રી નિઃશંકપણે ભણી-ગણી આગળ આવે, પુરૂષ સમોવડી બને પરંતુ જો આવશ્યક ન હોય તો નોકરી કરીને કૌટુંબિક મદદ કરવા કરતાં, ઘરની લક્ષ્મીને માનપૂર્વક કૌટુંબિક સંભાળ રાખવી વધુ આવશ્યક છે.

સ્ત્રી ધારે તો વ્યવસાય કરવો જ હોય તો સ્વતંત્ર વ્યવસાય ઘણા બધા છે. સ્ત્રી, સ્વ-શક્તિ આધારે પોતાના સ્વતંત્ર વ્યવસાયનો વિકાસ પણ ઘણો જ કરી શકે છે. અને ખાસ કરીને, પતિનાં વ્યવસાયમાં જ જોડાઈ, પતિની સાથે રહીને જે પણ કાર્યની શુભ શરૂઆત કરે તો કૌટુંબિક જવાબદારીઓ જેવી કે બાળઉછેર, વડીલોની સંભાળ, સામાજીક વ્યવહારો ઈત્યાદિ માટે સમય આપવા માટે તે સ્વતંત્ર રહી શકે છે. આમ, વ્યવસાય તથા જવાબદારીઓનો સમય પોતાની સ્વતંત્રતા મુજબ નિભાવી શકે છે.

આધુનિક યુગમાં મોંઘવારીને પહોંચી વળવા સ્ત્રીઓને પણ વ્યવસાયિક અભિગમ અપનાવવો જ રહ્યો પરંતુ પૂર્વે, આ આવશ્યક્તા રહેતી ત્યારે સ્ત્રીઓ ગૃહઉદ્યોગ દ્વારા ગુજરાન ચલાવતી. ઓછા શિક્ષણ અને મૂડીરોકાણ દ્વારા ધાર્યું વિકાસ કરાવનાર ગૃહ ઉદ્યોગ એક સ્વતંત્ર વ્યવસાય જ છે. તે માટે આવશ્યક છે કેળવણી. અને 'મહેનત' શબ્દ તો દરેકને લાગુ પડે જ છે. જે પ્રકારે પુરૂષો નિયત વ્યવસાયીક સમયે, સમયને માન આપી સમયાનુસાર ઓફિસ કે દુકાન સંભાળે છે, તે જ પ્રમાણે સ્ત્રીઓએ કૌટુંબિક સભ્યોની વિવિધ આવશ્યક્તાઓનાં સમયાનુસાર વ્યવસાયિક સમયાવધિ નિયત કરવી. જેથી કૌટુંબિક સભ્યો પણ સંતોષપૂર્વક એકબીજાની ફરજો સમજીને, મદદરૂપ બની કાર્ય કરતા થાય અને કોઈપણ પ્રકારે ગેરસમજને અવકાશ જ ન રહે. આ કાર્યપધ્ધતિથી ઓછી આવકે પણ સંતોષ અને બરકત રહે છે.

ગૃહઉદ્યોગમાં પણ ઘણાં પ્રકાર સમાઈ જાય છે. સૌ-સૌની દક્ષતા, રૂચિ, શિક્ષણ, આકાંક્ષા કે હોદ્દા પ્રમાણે પસંદ કરી શકાય છે. ગૃહ, સંતાન, વડીલ કે સમાજ ઉપયોગી વ્યવસાયનાં ઘણા બધાં પ્રકાર છે. જે સ્વ-ક્ષમતા પ્રમાણે પસંદ કરી શકાય છે. આવા વ્યવસાયો રસપ્રદ અને ઉત્સાહપ્રેરક હોય છે. વ્યવસાયના વિકાસની, લાભાલાભના અંદાજ મુજબ વ્યવસાય બદલની પણ સ્વતંત્રતા રહે છે.

તદુપરાંત, સ્વતંત્ર વ્યવસાય દ્વારા સ્ત્રીનાં માન-મર્યાદા બંને જળવાઈ રહે છે. તેથી તેની મહત્તા અદકેરી છે. સ્વતંત્ર વ્યવસાયથી સ્ત્રી પોતાની તમામ નૈસર્ગિક જવાબદારીઓનું વહન કરતાં કરતાં આર્થિકોપાર્જન કરી શકે છે. જ્યારે નોકરી કરતી સ્ત્રીઓની જવાબદારીઓમાં ત્રુટીઓ આવવાની સંભાવના રહે છે. સ્ત્રી જો નોકરી કરતી હોય તો બાળકોને આયાને સોંપીને જવું પડે, વડીલોને ઘરમાં એકલું રહેવું પડે તથા વડીલોની સંભાળ લેવામાં કચાશ આવતાં મનદુઃખ ઊભા થતાં હોય છે. બાળકો ગેરરસ્તે દોરાય છે. એક આદર્શ ગૃહ વ્યવસ્થાના બદલે સૌ મનસ્વીપણે વર્તાવ કરે તેવું વાતાવરણ સર્જાય છે. પરિણામે જે નોકરી આવક માટે વરદાન બની હોય, તે જ અભિશાપરૂપ બને છે. સ્ત્રીની સમજદારી અને સહનશક્તિની સીમા જ નથી. છતાંય સ્ત્રીને 'મર્યાદા' શબ્દનાં અંકુશથી બાંધી રાખવામાં આવે છે. તેથી જ સ્ત્રી જે પણ કાર્ય કરે તેમાં કુટુંબના દરેક સભ્યોના સાથ-સહકાર તથા પ્રેમ અને રજા-માન્યતાનો આધાર રાખવો આવશ્યક છે.

આધુનિક યુગ પ્રમાણે આ બધી વાતો જરા જૂનવાણી લાગે પરંતુ જ્યારે અનુભવ થાય ત્યારે સમજાય કે સ્ત્રી કેળવણીની કેટલી આવશ્યક્તા છે. કહેવાય પણ છે કે, 'જીવ્યા કરતાં જોવું ભલું, જોયા કરતાં સાંભળવું ભલું અને સાંભળ્યા કરતાં અનુભવવું ભલું.' આધુનિક યુગમાં શિક્ષણમાં ડિગ્રીની મહત્તા વધુ પ્રમાણમાં જોવા મળે છે અને પરિણામે 'ભણ્યા પણ ગણ્યા નહીં'નું દશ્ય ખડું થાય છે. માટે ગમે તેટલું જ્ઞાન હોય પણ, સમજ્યા વિચાર્યા વિના નોકરી, હોદ્દો, મોટું વેતન, મોટી પદવી જેવી લાલચમાં જો બધી જ સ્ત્રીઓ આગળ વધશે તો સમાજમાં સ્ત્રી અને પુરૂષનાં કાર્યક્ષેત્રનો તફાવત નહીં રહે અને પુરૂષો જવાબદારીમાં બેધ્યાન બનશે અને તેથી જ પુરૂષનો માનભંગ થશે. એવા કેટલાય કુટુંબો છે જ્યાં સ્ત્રીઓ ઊંચી પદવીઓ ધરાવતી હોય ત્યાં પુરૂષો કૌટુંબિક જવાબદારીઓ પ્રત્યે બેદરકાર રહી મનસ્વીપણે જીવતા હોય છે. ખાસ કરીને પત્ની દ્વારા માનભંગ થતાં પુરૂષ મનથી ઘણો પાછો પડી જાય છે. પરિણામે સમાજ વ્યવસ્થા પણ ખોરવાય છે.

સ્ત્રીને પગભર થવાનો હક્ક છે જ. આધુનિક યુગમાં ભણવું - ગણવું, દરેક ક્ષેત્રમાં જ્ઞાન મેળવવું, પદવીઓ મેળવવી, પુરૂષ સમોવડી બનવું. પરંતુ આ તમામ બાબતોનો જીવનમાં ઉપયોગ કઈ રીતે કરવો? તેનું પણ જ્ઞાન આવશ્યક છે.

અંતે તો સાર એટલો જ કે, ઉપરોક્ત બધી બાબતોને ધ્યાનમાં રાખી સ્ત્રી દ્વારા વ્યવસાયનું ચયન પરિશ્રમ માંગી લે છે પરંતુ કૌટુંબિક ફરજો તથા આર્થિક મદદ આ બંનેનું સમતોલન દ્વારા સ્ત્રી આદર્શ ગૃહિણી બની આદર્શ જીવન વ્યતિત કરી શકે છે.

***શ્રીમતી જયાબેન કાકુભાઈ બુધ્ધભટ્ટી***
***ઉપપ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ - અંજાર***

# SETU # 2ND PROOF # 20 6

## પ્રથમ પુણ્યતિથિએ વાત્સલ્ય મૂર્તિને શ્રધ્ધાંજલિ



### સ્વ. દામજીભાઈ માધવજીભાઈ સોની

**સ્વર્ગવાસ : વિક્રમ સંવત ૨૦૬૧ ફાગણ સુદ-૧ ● મંગળવાર, તા. ૨૮-૨-૨૦૦૬**

**મૂળ વતન : માંડવી (કચ્છ) ● હાલે : ખેડબ્રહ્મા**

*જીવન વિતાવી તો સૌ કોઈ જાય છે, જીવન જીવી જાણે છે કોઈ વીરલા જ.*
*કર્મના બંધનમાં બંધાઈ તો સૌ કોઈ જાય છે, કર્મને દીપાવી જાણે છે કોઈ વીરલા જ.*

**સોની દામજી માધવજી સોલંકી (માંડવીવાળા) - ખેડબ્રહ્મા પરિવાર**

પટેલ સોસાયટી, પેટ્રોલ પંપ પાછળ, ખેડબ્રહ્મા (સાબરકાંઠા)

ફોન : (ઓ) ૨૨૦૫૯૯ (રહે.) ૨૨૦૪૯૯ ● મો. ૯૪૨૭૦ ૩૮૫૭૨

# સોનાની શુધ્ધતાને ઈરિડિયમ ધાતુનો પડકાર

*કેટલાક લેભાગુ તત્વો દ્વારા હાલમાં કાચા સોનામાં ઈરિડિયમ ધાતુ ઉમેરવામાં આવતી હોવાનું જાણવા મળેલ છે. આ ધાતુની હાજરી સામાન્ય પરીક્ષણોથી પકડી શકાતી નથી. આથી આપણા સમાજના સુવર્ણકારો કાચું સોનું ખરીદતા સમયે પૂરતી સાવચેતી રાખે તે હેતુથી 'જ્વેલરી ડાઈજેસ્ટ'ના સૌજન્યથી આ લેખ પ્રસ્તુત છે. – તંત્રી મંડળ*

હોલમાર્કવાળા સોનાના દાગીનામાં કેટલાક જ્વેલર્સ રુથેનિયમ અને ઈરિડિયમ નામની બે સસ્તી ધાતુઓની ભેળસેળ કરી લોકો સાથે કરોડોની છેતરપિંડી કરી રહ્યા છે એવા અખબારી અહેવાલો બાદ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (બી.આઈ.એસ.) સફાળું જાગ્યું છે અને હોલમાર્કવાળા દાગીના વેચતા જ્વેલર્સોને એક પરિપત્ર મોકલીને સોનામાં આ બે ધાતુઓ નહીં ભેળવવાની તાકીદ કરી છે.

આ પરિપત્ર અંગે બી.આઈ.એસ.ના ડાયરેક્ટર ડી.આર. નારાયણ અપ્પાએ જણાવ્યું હતું કે સોનામાં આ બે ધાતુઓની મોટાપાયે ભેળસેળ કરવામાં આવી રહી છે એવા અહેવાલ બાદ બીઆઈએસ એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે અને સોનામાં રુથેનિયમ અને ઈરિડિયમ ભેળવવા પર પ્રતિબંધ આવ્યો છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે સોનામાં રુથેનિયમ, ઈરિડિયમ અને કેડિયમ છે. એની ચકાસણી એક્સરે ફ્લોરસેન્સ (એક્સઆરએફ) પદ્ધતિથી હજી કરવામાં આવે છે અને હવે આ ધાતુઓ શોધી કાઢવા નવી સ્થાપિત પદ્ધતિ શોધી કાઢવામાં આવી રહી છે.

શહેરમાં હોલમાર્ક આપતા ચાર એજન્ટોમાંથી એક એજન્ટ પાસે તો આ ધાતુઓ શોધી કાઢવા માટેનું મશીન પણ નથી છતાં તેને હોલમાર્કનું લાઈસન્સ આપવામાં આવ્યું છે એ બાબતનો નિર્દેશ કરતાં નારાયણ અપ્પાએ જણાવ્યું હતું કે જ્યારે પણ આ એજન્ટને શંકા જાય ત્યારે તે સોનું ચકાસવા બીજા હોલમાર્ક એજન્ટ પાસે મોકલે છે.

સોનામાં થતી ભેળસેળ અંગે કરાયેલી તપાસમાં બહાર આવ્યું છે કે ઉપરોક્ત બે ધાતુઓ મોટા ભાગે સોનાની ચેન બનાવનારા ઉત્પાદકો વાપરે છે. શહેરમાં આવા લગભગ ૩૦૦ ચેન ઉત્પાદકો છે અને એમાંના લગભગ ૮૦ ટકા જ્વેલરો આ બે ધાતુઓની મિલાવટ કરતાં હોવાનું કહેવાય છે.

ઉલ્લેખનીય છે કે ૧૦૦ ટકા શુદ્ધ સોનું એકદમ નરમ હોય છે. તેને કડક બનાવવા તેમાં અમુક પ્રમાણમાં તાંબું, ચાંદી, પિત્તળ કે ઝીંક ભેળવવામાં આવે છે.

દાખલા તરીકે ૨૪ કેરેટ એટલે ૧૦૦ ટકા શુદ્ધ સોનું. એના પ્રમાણ પરથી ૨૩ કેરેટ સોનામાં ૯૫.૮૨ ટકા શુદ્ધ સોનું અને ૪.૧૮ ટકા બીજી ધાતુ મેળવવામાં આવે છે. ૨૨ કેરેટ સોનામાં ૯૧.૬૫ ટકા શુદ્ધ સોનું એન ૮.૩૫ ટકા બીજી ધાતુ મેળવવામાં આવે છે પરંતુ તમે ધારો છો એ પ્રમાણે શુદ્ધ સોનું તમને મળતું નથી.

આ બે ધાતુઓ રુથેનિયમ અને ઈરિડિયમ એવી છે કે જે વધુ પ્રમાણમાં સોનામાં ભેળવવામાં આવે તોપણ મશીન સિવાય તે પકડી શકાતી નથી અને તે શુદ્ધ સોનામાં ખપી જાય છે. આમ છેલ્લાં કેટલાંક વર્ષોથી આ ધાતુઓનું ૨૦ ટકાથી પણ વધુ પ્રમાણની ભેળસેળ કરીને લોકો સાથે મોટા પાય છેતરપિંડી કરાય છે, એમ નાસીર ગોલ્ડના અબ્દુલ નાસીરે જણાવ્યું હતું.

નાસીરે જણાવ્યું હતું કે માત્ર રુથેનિયમ અને ઈરિડિયમ જ નહીં, બીજી એવી ૨૫ ધાતુઓ છે જે સોનામાં ભેળવવામાં આવે તો પણ મશીન વગર તેની શુદ્ધતા ચકાસી શકાય નહીં. આ માટે તમામ જ્વેલર્સ માટે હોલમાર્ક ફરજિયાત કરવો જરૂરી છે અને સરકારે કડક કાયદા બનાવવા જરૂરી છે. તેમજ સંબંધિત ખાતાઓએ જ્વેલર્સ પર ઓચિંતા રેડ પાડવી જોઈએ તો જ લોકો સાથે કરોડોની છેતરપિંડી બંધ થશે, એમ તેમણે જણાવ્યું હતું.

***સૌજન્ય : "જ્વેલરી ડાયજેસ્ટ"***

## શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર



શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુરનું વાર્ષિક પાટોત્સવ કાર્યક્રમ ફાફાડીહ સ્થિત સમાજની વાડીમાં તા. ૨-૧-૨૦૦૭ના રાખેલ. જેમાં સમાજના લગભગ પ્રત્યેક સદસ્યોએ ભાગ લઈ સફળ બનાવ્યો. કાર્યક્રમના પ્રારંભમાં પૂર્વ અધ્યક્ષ શ્રી છગનલાલ કલ્યાણજીભાઈ દ્વારા માં કાલીકા માતાની પૂજા તથા હવન કરેલ. ત્યારબાદ સમાજની બાલિકાઓ દ્વારા રાસગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી. રાસગરબાના કાર્યક્રમ પછી સમાજની મહિલા મંડળનું ચુનાવ કરવામાં આવ્યું. જેમાં શ્રીમતી રંજનબેન મગનલાલ બારમેડાને સર્વસંમતિથી મહિલા મંડળના અધ્યક્ષા બનાવવામાં આવ્યા. ત્યારબાદ સમાજના સદસ્યો દ્વારા મળી મહાપ્રસાદ ગ્રહણ કરવામાં આવ્યો. સાંજે ચા-નાસ્તાના કાર્યક્રમ બાદ અધ્યક્ષ શ્રી પ્રકાશકુમાર ભગવતલાલભાઈએ કાર્યક્રમ સમાપ્તિની ઘોષણા કરી.

***કમલેશ બિજલાણી - સચિવ***

# SETU # 2ND PROOF # 30-6

# અમદાવાદ સ્થિત ડાયમંડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ : એક ઝલક

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં એક ડાયમંડ ટ્રેનિંગ સેન્ટર કાર્યરત છે. આ ડાયમંડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ સરકાર સંચાલિત છે. ગુજરાત સરકાર દ્વારા સંચાલિત આ તાલીમશાળા ગુજરાત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યૂટ તરીકે ઓળખાય છે. આ તાલીમશાળા સંચાલક હસમુખભાઈ રાવલ સાહેબે જ્વેલરી ડાયજેસ્ટ સાથેની વાતચીત દરમિયાન સંસ્થા વિશેની માહિતી આપી હતી.

ગુજરાત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ સેન્ટરની સ્થાપના ૧૯૮૮માં કરવામાં આવી હતી. આ સંસ્થાની સ્થાપનાનો હેતુ બંધ મિલોના કામદારોને તથા આર્થિક રીતે નબળા લોકોને રોજગારી આપવાનો છે. છેલ્લાં પંદરેક વર્ષના ગાળામાં સંસ્થા દ્વારા અનેક જરૂરિયાત લોકોને તાલીમ અપાઈ છે તથા તાલીમ પામેલા વ્યક્તિઓ રોજગાર મેળવીને પોતાના પગભર થઈ શકે છે.

ગુજરાત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ સેન્ટરમાં કુલ ચાર અભ્યાસક્રમો ચાલે છે. ઘાટ, પોલિશિંગ, રફ ડાયમંડ પ્લાનિંગ અને માર્કિંગ તથા રફ ડાયમંડ એસોર્ટમેન્ટ. આ ચારેય અભ્યાસક્રમ માટેની લાયકાત ધોરણ ચાર પાસ અને ધોરણ ૮ પાસ જ છે. આ અભ્યાસક્રમ માટેની વયમર્યાદા ૧૬થી ૩૫ વર્ષ તથા ૧૬થી ૪૦ વર્ષની છે.

આ તાલીમી સંસ્થા તરફથી અભ્યાસક્રમ દરમિયાન અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બંધ મિલ કામદાર, આશ્રિત વિકલાંગ, ખેતમજૂર અને મહિલા ઉમેદવારને દર મહિને સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. સંસ્થાના ઘાટ અને પોલિશિંગના અભ્યાસક્રમમાં દર મહિને નવી બેચ શરૂ થાય છે. જ્યારે રફ ડાયમંડ પ્લાનિંગ અને માર્કિંગ તથા રફ ડાયમંડ એસોર્ટમેન્ટના અભ્યાસક્રમમાં દર ત્રણ માસે નવી બેચની શરૂઆત થાય છે.

આ તાલીમ સંસ્થા માત્ર અમદાવાદના લોકો પૂરતી મર્યાદિત નથી. આ સંસ્થામાં તાલીમ માટે ગુજરાતના પોરબંદર, વાવ-થરા, ભાવનગર, જૂનાગઢ, અમરેલી જેવા શહેરોમાંથી પણ તાલીમાર્થીઓ અહીં આવે છે. બહારગામથી આવતા તાલીમાર્થી માટે સંસ્થા તરફથી છાત્રાલયની સગવડ કરવામાં આવી છે. છાત્રાલયમાં રહેતા તાલીમાર્થીને માત્ર ટોકન રૂપિયા આપીને છાત્રાલયમાં રહેવાનું હોય છે.

સંસ્થામાં તાલીમ લીધા પછી ઘણી વ્યક્તિએ ક્યાંય નોકરી ન કરતાં પોતાનો નાનકડો વ્યવસાય શરૂ કર્યાના દાખલા સંસ્થા પાસે છે. ગુજરાત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ સેન્ટર મિલ મજૂરો, આર્થિક રીતે પછાત, વિકલાંગ વ્યક્તિઓને સ્વનિર્ભર કરવામાં સફળ રહ્યું છે.

હીરાના વ્યવસાયમાં લોકો અનેક રીતે રોજગારી મેળવે છે. ગુજરાતમાં લાખો લોકોને હીરાનો વ્યવસાય રોજગારી પૂરી પાડી રહ્યો છે. દુષ્કાળના કારણે આખું સૌરાષ્ટ્ર જ્યારે કફોડી સ્થિતિમાં હતું ત્યારે આ ઉદ્યોગે જ તેને ટેકો આપીને જીવતું રાખ્યું છે.

આ એક એવો વ્યવસાય છે કે જો વ્યક્તિ પોતે ધારે તો તેનો રોજગારી માટે અને પોતાનો ધંધો વિકસાવીને તે રીતે પણ તેનો અસરકારક ઉપયોગ કરી શકે છે!

છે આ માટેની તમારી તૈયારી?

***સૌજન્ય : "જ્વેલરી ડાઈજેસ્ટ"***

## સંસ્થામાં ચાલતા કોર્સ વિશેની માહિતી

| *ક્રમ* | *કોર્સનું નામ* | *ઘાટ* | *પોલિશિંગ અને માર્કિંગ* | *રફ ડાયમંડ પ્લાનિંગ વિંગ* | *રફ ડાયમંડ એસોર્ટમેન્ટ* |
|---|---|---|---|---|---|
| ૧. | તાલીમની મુદત | ચાર માસ | ચાર માસ | ત્રણ માસ | ત્રણ માસ |
| ૨. | શૈક્ષણિક લાયકાત | ધોરણ-૪ પાસ | ધોરણ-૪ પાસ | ધોરણ-૮ પાસ | ધોરણ-૮ પાસ |
| ૩. | વય મર્યાદા | ૧૬થી ૩૫ વર્ષ | ૧૬થી ૩૫ વર્ષ | ૧૫થી ૪૦ વર્ષ | ૧૫થી ૪૦ વર્ષ |
| ૪. | ભરવાપાત્ર કુલ ફી | ૬૬૫.૦૦ | ૬૬૫.૦૦ | ૨૧૫૦.૦૦ | ૨૧૫૦.૦૦ |

## A POEM


Violet, Indigo, Blue and Green,
Yellow, Orange, Red
seven colours in the rainbow,
so my teacher said, When the sun
shine glue away the rainbow
comes in the sky, live your
work and come outdoor and
see the lovely sky, Violet, Indigo,
Blue and greent, Yellow, Orange, Red.

***Kinjal Maheshkumar Soni - Gandhidham***

## અંજાર બુલીયન મરચન્ટ એસોસિએશન



**સોની કમલ વિઠ્ઠલદાસ**
**પ્રમુખ**



**સોની ફોરમ સુરેશભાઈ**
**મંત્રી**

ગત તા. ૩૧-૧૨-૦૬ના રોજ મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૦૭ માટે નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ.

પ્રમુખ : સોની કમલ વિઠ્ઠલદાસ
ઉપપ્રમુખ : સોની અરૂણ પરસોત્તમભાઈ
મંત્રી : સોની ફોરમ સુરેશભાઈ
સહમંત્રી : સોની નવીનભાઈ મગનભાઈ
કારોબારી સભ્ય : સોની નવનીત ધીરજલાલ
પોમલ નરેશ જયંતિલાલ
સોની જયદીપ ચંદ્રકાંતભાઈ
સોની હિતેન છગનભાઈ
સોની દેવેન કિરણભાઈ
સોની ધર્મેન્દ્ર વ્રજલાલભાઈ
સોની બ્રિજેશ શાંતિલાલભાઈ
સોની મનીષ ગીરધરલાલ
સોની કિરણ શામજીભાઈ
સોની ઉત્તમ શામજીભાઈ
સોની દેવેન્દ્ર શીવલાલભાઈ
સલાહકાર સમિતિના કન્વીનર : સોની હરીલાલભાઈ લખમશી
સલાહકાર સમિતિ : સોની છગનભાઈ નારાણજી
સોની નટવરભાઈ મોહનલાલ
સોની શિવલાલ શામજીભાઈ
સોની દિલીપભાઈ નારાણજી
સોની વ્રજલાલભાઈ જીવરામભાઈ

***અંજાર બુલીયન મર્ચન્ટ એસોસિએશનના ગૌરવભર્યા પદો ઉપર આપણા જ્ઞાતિના નવયુવાનોની થયેલ વરણી બદલ "જ્ઞાતિસેતુ" પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.***

*પેન ક્યાં ગઈ, એ સ્લેટ ક્યાં ગઈ?*
*ભગવાન તરફથી મળેલ ભેટ ક્યાં ગઈ?*
*પહેલા તો પૂછતા'તા કે ક્યાં છે અગરબત્તી?*
*આજે પૂછે છે એ સીગરેટ ક્યાં ગઈ?*

***ગૌરવ ડી. કોટડીયા - માંડવી***

## ગઢશીશા પોમલ પરિવારનાં માતાજીનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રી વાંકલ - ચામુંડા માતાજીનો વાર્ષિક પાટોત્સવ "ગઢશીશા પોમલ પરિવાર" દ્વારા શ્રધ્ધા અને ભક્તિભાવપૂર્વક મહાસુદ ચૌદસ તા. ૧-૨-૦૭નાં રોજ ગઢશીશા (તા. માંડવી) મુકામે યોજાયો હતો. જેમાં ગઢશીશા, કોઠારા, ભુજ, માધાપર, મેઘપર, ગોડપર, લુડવા, અજાર, બળદીયા, કેરા, માંડવી વિ. સ્થળે વસવાટ કરતા ત્રીસેક પરિવારો સહકુટુંબ ઉપસ્થિત રહ્યા હતા.

ગઢશીશાના ઉગમણા નાકે આવેલા માતાજીનાં સ્થાનક પાસે આવેલા દરિયા સ્થાનમાં પોમલ પરિવારની જનરલ સભા મળેલ હતી. જેમાં ભક્તિભાવ સાથે ભાઈચારાની ભાવના વધુ સુદ્રઢ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પરિવારનાં મોભી ચુનીભાઈ પોમલ (કોઠારા)એ સૌ પરિવારજનોનું સ્વાગત કરતાં પોતાનાં પ્રેરક પ્રવચનમાં જણાવ્યું હતું કે માતાજીની અસીમ કૃપાથી શ્રધ્ધા ભક્તિ સાથે આજે આપણા વચ્ચે અરસપરસ ભાઈચારાની ભાવના જોવા મળે છે. વિશેષમાં આવતીસાલે આ ઉમંગ ઉત્સવમાં તેઓએ બહેન-દીકરીઓ (નિયાણીઓ)ને સામેલ કરી આ પ્રસંગને ઓર દીપાવવા હાકલ કરતાં સૌ પરિવારજનોએ હર્ષની લાગણી વ્યક્ત કરી અનુમોદન આપ્યું હતું.

પરિવારનાં અગ્રણી પી.જી. સોની 'દાસ'એ પોમલ પરિવારનું આર્થિક પાસું વધારે મજબુત કરવા દરેક ઘરદીઠ દરરોજનો એક રૂપિયો ઘરનાં નિજ મંદિરમાં ધરાવી,આ રીતે ૧ વર્ષના રૂા. ૩૬૫/- દરેક પરિવાર જમા કરવામાં આવે અને આ ભગવતી કાર્ય બહેનો દ્વારા જ સંપન્ન થવું જોઈએ તેમ જણાવેલ. આ વાતને પણ બહેનો સહિત સૌએ વધાવી લીધી હતી. આ ટાંકણે "ધનલક્ષ્મી કુંભ" (ભભૂલો)નું દરેક પરિવારને વિતરણ કરાયું હતું. આ પ્રસંગે વધુમાં તેમણે જણાવ્યું હતું કે આપણા પરિવારનો વંશવૃક્ષ (આંબો) તૈયાર થવામાં છે. જે માતાજીનાં સ્થાનકે મુકાશે, તેમજ દરેક પરિવારને તેની ઝેરોક્ષ અપાશે.

આ પ્રસંગે વિનય, અશોક, હિતેશ, વિનોદ, ઉમેદ વિ.એ ઉપયોગી સૂચનો કર્યા હતા. આ પ્રસંગે બચુભાઈ, મોહનભાઈ, ફુલચંદભાઈ, જેઠાલાલભાઈ, વેલજીભાઈ, રામજીભાઈ, મુળજીભાઈ, કલ્યાણજીભાઈ વિ. ઉપસ્થિત રહ્યા હતા.

ત્રિકમભાઈ, અરૂણ, બ્રિજેશ, નવીન, પરેશ, વિ.એ વ્યવસ્થા સંભાળી હતી. વાર્ષિક અહેવાલ કાંતિભાઈએ રજૂ કરેલ. જ્યારે સંચાલન, આભાર દર્શન નાનાલાલભાઈએ કરેલ હતું. આ પ્રસંગે સ્થાનિક વસવાટ કરતા જ્ઞાતિજનો પણ ખાસ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

***પી. જી. સોની 'દાસ' - ભુજ***

# SETU # 2ND PROOF # 30-6

### FRIENDSHIP

Duties are like serving
Our own loving god
why should we break our friendship.

If your best friend has written your Name in a book to keep your record.

So, please don't feel jealous and keep the friendship on and as you know friendship is a ship which never sinks. So keep following this motto on your tips.

***Mansi D. Kotadiya - Mandvi (Kutch)***

### ફૂલોનો ઇતિહાસ

*ભેદ ભરમની ઘટના વચ્ચે*
*માણસ જીવે અફવા વચ્ચે*
*મંઝિલોનો પડછાયો પહેરી*
*પગલા ઊભા રસ્તા વચ્ચે*
*ફૂલોનો ઈતિહાસ લખું છું*
*રોજ મુલાયમ કાંટા વચ્ચે*
*પંખીની મંજૂરી માંગી*
*માળો બાંધુ રસ્તા વચ્ચે*
*સાર નથી અણસાર આપું છું*
*કેવળ જીવું છું શ્રધ્ધા વચ્ચે.*

***એ. એ. સોની***

### મળે ન મળે

*રડી લેવા દો આ આંખોને,*
*કે ફરી આ આંસુ મળે ન મળે.*
*માણી લો આ જીવનને,*
*કે ફરી આ જીવન મળે ન મળે.*
*લડી લેવા દો આ લડાઈ તેને,*
*કે ફરી આ રણભૂમિ મળે ન મળે.*
*કરી લો હવે થોડો પ્રેમ,*
*કે પછી આ સાથી મળે ન મળે.*
*ન જવા દો એક કિંમતી પળને,*
*કે પછી એ સમય મળે ન મળે.*
*માણી લો હવે આ અંતને,*
*કે ફરી આ મોત મળે ન મળે.*

***મનાલી એ. સોની - અંજાર***

*આ અંકમાં અન્ય છપાયેલ ઉખાણાના જવાબો :* (૧) સસલું, (૨) જૂ, (૩) જીભ, (૪) ઈલાયચી, (૫) દીવડો.


**R. K. KUKADIA**
**Civil Engineer**
**Mobile : 94274 42615**



**NIKITA**
*Home Design*
**Consulting Civil Engineer**
**& Structural Consultant**

Ramani Market, 1st Floor, Wathan Chowk,
Nakhatrana, Kutch.
**Ph. : (02836) 223616**



ભરતભાઈ એલ. સોની
ઉગેડીવાળા
તરૂણ કે. સોની





**મહાલક્ષ્મી**
**જ્વેલર્સ**
સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

મેઈન બજાર, બેંક ઓફ બરોડા રોડ,
નખત્રાણા, કચ્છ-૩૭૦ ૬૧૫.
**ફોન : (૦૨૮૩૫) (ઓ) ૨૩૧૯૧ (રહે.) ૭૯૨૨૧**


# SETU # 2ND PROOF # 30-6

# ભાવતાં ભોજન

સુધાબેન બુધ્ધભટ્ટી - ભુજ

## *મેક્સિકન ડિશીસ*

- **મેક્સિકન વાનગીની વિશેષતા :**

મેક્સિકન વાનગીઓના પાયામાં મકાઈનો લોટ, બિન્સ અને મરચા છે. મેક્સિકન લોકો તીખું ખાવાના શોખીન હોય છે. તેજાના જેવા કે અજમો, તજ, લવિંગ, કોથમીર, ફુદીનો, લસણ વગેરે નાંખી વાનગીનો સ્વાદ અને સોડમ વધારે છે. તીખું ખાવાના શોખીન લોકોને આ વાનગી ખૂબ પસંદ છે. મેક્સિકન લોકો જમવાના ટેબલને સુંદર રીતે સજાવે છે. એમની પ્લેટ્સ તેમજ ક્રોકરી આકર્ષક રંગોની હોય છે. મીઠાઈના તેઓ શોખીન હોય છે. અન્ચીલા, મેક્સિકન ટાકોઝ તેમજ રાઈસ તેમની મુખ્ય પ્રચલિત વાનગીઓ છે.

### મેક્સિકન ટાકોઝ

***સામગ્રી :*** ૧૫૦ ગ્રામ મકાઈનો લોટ, ૫૦ ગ્રામ મેંદો, ૩ ટી-સ્પૂન તેલ, પ્રમાણસર મીઠું, ૫૦૦ ગ્રામ રાજમા, ૧૫૦ ગ્રામ ડુંગળી, ૧ કટોરી ટામેટા સોસ, લાલ મરચું, ૩ ટે.સ્પૂન માખણ અથવા ઘી, ૧૦૦ ગ્રામ ટામેટા, ૬થી ૭ લીલા મરચા, ૩ સ્પૂન વિનેગર, ૧ નીલી ડુંગળી પાન સાથે, ૧૦૦ ગ્રામ કોબી, ૨ લાલ ટમેટા.

***બનાવવાની રીત :*** (ટાકો માટે)

મકાઈનો લોટ તેમજ મેંદો મિક્સ કરી તેમાં તેલ અને મીઠું નાખી પાણીથી પૂરી જેવો લોટ બાંધી નાની પૂરી (લંબગોળ) વણી કાણા પાડવા જેથી પૂરી ફૂલશે નહીં અને કડક રહેશે. આ પૂરી આગલે દિવસે રાત્રે બનાવી શકાય.

***સ્ટફિંગ માટે :*** રાજમાને આખી રાત પલાળી સવારે કૂકરમાં બાફી લો. એક વાસણમાં ઘી ગરમ મૂકી ઝીણી સમારેલ ડુંગળી સાંતળો. ત્યારબાદ તેમાં રાજમા, ટોમેટો કેચ-અપ, માખણ અને મીઠું ઉમેરી થોડીવાર રાંધો. રંધાઈ જાય એટલે બિન્સ (રાજમા)ને ભાંગી નાખો અને તેમાં લાલ મરચું તેમજ ગરમ મસાલો નાખી થોડીવાર ગરમ થવા દેવું.

***ગ્રીનસોસ - રેડ સોસ :*** નીલી ડુંગરી, મરચા, આદુ, મીઠું, વિનેગર, ૧ લીલા ટામેટા, થોડી સાકર નાખી મિક્ષ્ચરમાં ગ્રીન સોસ બનાવવું.

લાલ ટામેટા, ગરમ મસાલો, લસણ, મીઠું, ખાંડ નાખી મિક્સ્ચરમાં ટામેટા સોસ બનાવી બાજુ પર રાખવું. ત્યારબાદ કોબીજ, ટામેટા, નીલી ડુંગળી, પાલક અને મીઠું મિક્સ કરી બાજુ પર રાખવું. હવે દરેક ટાકો પર રાજમાનું સ્ટફીંગ મૂકી તેના પર ગ્રીન સોસ, રેડ સોસ રેડી ઝીણું સમારેલું શાક પાથરવું. ફરી તેના પર બંને સોસ રેડી સર્વ કરવું.

### મેક્સિકન રાઈસ

***સામગ્રી :*** ૨૫૦ ગ્રામ બાસમતી ચોખા, ૪થી ૫ કળી વાટેલું લસણ, ૧ ઝીણી સમારેલી ડુંગળી, ૨ ડુંગળી ગોળ સ્લાઈસ કાપવી. ૧૦૦ ગ્રામ ઝીણી સમારેલી કોબી, ૩ કેપ્સીકમ મરચાની રીંગ, ૧ મોટું ટામેટું, પ્રમાણસર મરચું, ૩ ટે.સ્પૂન ઘી, ૩ ટે.સ્પૂન તેલ, પ્રમાણસર મીઠું, ૨ ટે.સ્પૂન સોયાસોસ.

***બનાવવાની રીત :*** સૌપ્રથમ ચોખામાં મીઠું નાખી છૂટા ભાત રાંધો. ત્યારબાદ એક પહોળા વાસણમાં ઘી તેલ મિક્સ કરી ઝીણી સમારેલ ડુંગળી, વાટેલું લસણ, તેમજ ડુંગળીની રીંગ સાંતળો. ત્યારબાદ તેમાં કોબી, કેપ્સીકમની રીંગ, ઝીણા સમારેલ ટામેટા નાખી થોડીવાર રાંધો. ત્યારબાદ તેમાં થોડું મીઠું, લાલ મરચું, સોયાસોસ તેમજ ભાત નાખી ૨ મિનિટ ધીમા તાપે હલાવી નીચે ઉતારી લો. છેલ્લે તેના પર ખમણેલા ચીઝનું ડેકોરેશન કરી ખાવાના ઉપયોગમાં લેવા.

### એન્ચીલા

***સામગ્રી :*** ૧ કટોરી મકાઈનો લોટ, ૧ કટોરી મેંદો, ૩ ટે.સ્પૂન તેલ, પ્રમાણસર મીઠું, તળવા માટે તેલ.

***સ્ટફીંગ માટે :*** ૨૫૦ ગ્રામ ખમણેલું પનીર, ૧ ઝીણી સમારેલ ડુંગળી, ૨ ઝીણા સમારેલા મરચા, પ્રમાણસર મીઠું.

***બેકીંગ માટે :*** ૨ ટે. સ્પૂન ચીઝ, હોટસોસ (ગરમ ટામેટા સોસ)

***બનાવવાની રીત :*** સૌપ્રથમ બંને લોટ મિક્સ કરી કઠણ લોટ બાંધો અને તેના લુઆ પાડી પૂરી વણો (જરૂર પડે તો મેંદાનું અટામણ લેવું.) આ પૂરીમાં કાંટાથી કાણા પાડી ગરમ તેલમાં તળી લો. તળેલી પૂરીને તરત જ હોટસોસમાં બોળી દો. ત્યારબાદ આ પૂરીને બહાર કાઢી તૈયાર કરેલી બેક ડિશમાં પૂરી ગોઠવો. તેના પર થોડું સ્ટફિંગ મૂકી તેના પર બાકીનો હોટસોસ રેડી, ઉપર ચીઝ ભભરાવી, મોટા તાપે ઑવન ગરમ કરી ૪૫૦ તાપે ૨૦ મિનિટ આ ડીશને બેક કરો અને ગરમ સર્વ કરો.

### દીકરી

*પ્રેમની પ્રતિમા, સ્નેહનો સાગર*
*મારી ભણતરનો આયનો છે દીકરી*
*વ્હાલની વાતો કરે, વેદનાની વાચા થઈ*
*મારા તો ઘરનો દીવડો છે દીકરી*
*છો ને સાસરવાટે જતી,થાકેલા બાપનો તો*
*વિસામો થઈ દીકરી.*
*માની મમતા, ખુદ બાપનું બળ થઈ*
*બધાં ઋણ ચૂકવે, ખુદ માં છે એ દીકરી*
*કોણ કહે છે, દીકરાથી ઉણી છે દીકરી?*
*માં અને બાપનો સેતુ છે દીકરી.*

***મંજુલા સી. પોમલ***

# SETU # 2ND PROOF # 29 6

## કક્કો કહે છે...

ક : કહે કર્મ કરતા
ખ : કહે ખરાબ ન બનો
ગ : કહે ગર્વ ન કરો
ઘ : કહે ઘમંડ ન કરો
ચ : કહે ચીડાશો નહીં
છ : કહે છળકપટથી દૂર રહો
જ : કહે જબરા બનો.
ઝ : કહે ઝઘડો ન કરો
ટ : કહે ટેવ સારી રાખો
ઠ : કહે ઠગાઈ ન કરો
ડ : કહે ડરપોક ન બનો.
ઢ : કહે ભણવામાં "ઢ" ન રહો.
ત : કહે કોઈને તુચ્છકારશો નહીં.
થ : કહે થોડામાં સંતોષ માનો.
દ : કહે દયાવાન બનો.
ધ : કહે ધગશ રાખો ભણવામાં
ન : કહે નમ્ર બનો.
પ : કહે પારકી પંચાત ન કરો.
ફ : કહે ફીઝુલ વાત ન કરો.
બ : કહે બહાદુર બનો.
ભ : કહે ભણવામાં આગળ વધો.
મ : કહે મધુર બોલો.
ય : કહે યશ મેળવો
ર : કહે રમતવીર બનો
લ : કહે લાલચુ ન બનો
વ : કહે વિદ્યા વિનયથી શોભે
શ : કહે શત્રુ ન માનશો કોઈને
સ : કહે સત્યમેવ જયતે
ષ : કહે ષડયંત્ર રચશો નહીં
જ્ઞ : કહે જ્ઞાની બનો
અ : કહે આગળ વધવાનો પ્રયત્ન કરો
ઈ : કહે ઈમાનદાર બનો.

***અંકિત મહેશભાઈ બુધ્ધભટ્ટી - અંજાર***

## આજની દુનિયા

*જીવનનો ધ્યેય ભૂલી*
*આથડે છે આજની દુનિયા*
*જરા ઊંચે ચડીને*
*લડખડે છે આજની દુનિયા*
*નવું સૌંદર્ય રક્ષે શું ન બક્ષી*
*શકે જૂનું કલાને કાળજે ખીલા*
*જડે છે આજની દુનિયા*
*કર્યું લીલામ માનવતાનું મૂકી*
*નીતિને દુ:ખદ ઈતિહાસ પોતાનો*
*જડે છે આજની દુનિયા.*

***વિદુલા કાંતિલાલ કટ્ટા- આદિપુર***

## એક વિચિત્ર કંકોત્રી

પરમ પૂજ્ય હલવા કાકા અને જલેબી કાકી
મોહનથાળ નગરથી આપની ભત્રીજીના વંદન વાંચશો.
વિશેષમાં લખવાનું મારી બહેન

**ચિ. કચોરી**ના

શુભ લગ્ન પેંડાપુરના ગુલાબજાંબુના સુપુત્ર

**ચિ. રસગુલ્લા** સાથે

કારતક સુદ દશમને તા. ૩૦-૨-૨૦૦૭ના રોજ નિરધાર્યા છે.

આ શુભ પ્રસંગે આપના સંબંધી ભજીયા કાકા, સેવળાભાઈ અને ચટણીબહેન સાથે પધારશો તથા ગેવરભાઈ સુતરફેણી ભાભી તથા ગગનકાકાને ખાસ ભૂલતા નહીં. જલેબી કાકીને આઠ દિવસ પહેલા મોકલશો. પૂરી, પકોડા, ચા ને રગડો પણ આવી ગયા છે. તમારી બુંદીને પણ સાથે મોકલશો.

*ચમચમ (નિમંત્રણ)*
*લગ્ન સ્થળ*
*ગાંઠીયા નિવાસ, મૈસુર રોડ, વેફર (કચ્છ).*

***પાર્થ રમેશભાઈ બીજલાણી - માંડવી***

## ઉખાણા

૧. એક પશુ જે બીકણદાસ વનવગડામાં રહેતું
શરીર સુંવાળું, મોટા કાન, ઝાડીમાંથી જોતું.
૨. કાળી છું રે કાળી છું, કાળા વનમાં રહું છું;
લાલ પાણી પીઉં છું, કાંસકીથી હું બીઉં છું.
૩. એક ગોખલામાં ગોરબાઈ રમે,
કોઈકને ગમે, કોઈકને ના ગમે.
૪. માં ધોળીને બચ્ચા કાળા,
માં મરે ને બચ્ચા વહાલા.
૫ એક જનાવર ઇ તું, પૂંછડે પાણી પીતું,

*જવાબો આ જ અંકમાં શોધો.*

## હવે હસો.....

પત્ની : તમારો મિત્ર, ગાંડા જેવી છોકરી સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે?
પતિ : હા. તો?
પત્ની : તમે એને સમજાવતા કેમ નથી?
પતિ : એણે મને સમજાવ્યો હતો?


• • • • •

એક વાંદરો ઝાડ પર ચડતો હતો. ત્યારે
બીજો વાંદરો : કેમ શું કામ પડ્યું?
પહેલો વાંદરો : સફરજન ખાવા આવું છું.
બીજો વાંદરો : આ સફરજનનું ઝાડ નથી.
પહેલો વાંદરો : હા મને ખબર છે. હું સફરજન સાથે જ લાવ્યો છું.


***સોની જીગર હિંમતભાઈ - વિથોણ***

# SETU # 2ND PROOF # 30 6

## અભિનંદન



**ચિ. કોમલ હસમુખલાલ સોની**એ ચાલુ વર્ષે સિક્કીમ મનીપાલ યુનિવર્સિટીમાંથી M.B.A.ની ડિગ્રી ડિસ્ટીંક્શન ગ્રેડ સાથે પ્રાપ્ત કરી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. તેઓ હાલમાં ICICI બેંકમાં એકાઉન્ટ વિભાગમાં સર્વિસ કરે છે. ચિ. કોમલ એ ઘડાણી (કચ્છ)ના વતની ને હાલ અમદાવાદ રહેતા **શ્રી હસમુખભાઈ પ્રહલાદભાઈ સોની**ના સુપુત્રી છે. તેમના પિતાશ્રી વિશ્વાસ કન્સ્ટ્રક્શન કંપની નામે વ્યવસાય ધરાવે છે. કુ. કોમલને 'જ્ઞાતિ સેતુ' પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.



★ **દુલારી જે. બુધ્ધભટ્ટી (ભુજ)** નિરમા યુનિવર્સિટીમાંથી B.Tech. (6th Semeste) (Computer Engg.) માં એક્સેલન્ટ ગ્રેડમાં ઉત્તીર્ણ થવા બદલ "સેતુ" પરિવારના અભિનંદન.

અખિલ ગુજરાત એસ્ટ્રોલોજીકલ સોસાયટી - અમદાવાદ આયોજીત અખિલ ભારતીય જ્યોતિષ મહાસંમેલનમાં **શ્રી રાજેન્દ્ર કે. સોની**નું સન્માન કરતા કેન્દ્રીય કાપડમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા



## કાર્ટુન કોર્નર



***જવા દો ને યાર! ડાહ્યા માણસોને જ ડાયાબિટીસ થાય, ગાંડા માણસોને નહીં....!***

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે : **(૧) સુનીતા વિલિયમ, (૨) બુધ, (૩) નીલ આર્મસ્ટ્રોંગ.** સાચા જવાબો આપનાર મિત્રો છે : મયુરી પોમલ - ભુજ, હેતલ સોની - ડેમાઈ, માનસી મહીચા - માધાપર, કોમલ ગોહીલ - મીરજાપર, અલ્પા સોની - અંજાર, પાર્થ પોમલ - ભુજ, માલીની સાકરીયા - અમીરગઢ, દિશાંક સોની - ગાંધીધામ, માનસી કોટડિયા - માંડવી, રોહિણી બુધ્ધભટ્ટી - ભુજ, રોહન માનસી - માધાપર સર્વેને ખૂબ ખૂબ અભિનંદન. આ પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **સાકરીયા માલીની (અમીરગઢ)** તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે. અભિનંદન.

***હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :***

૧. ગુજરાતમાં આવેલ સુરત શહેરના પીનકોડ નંબરનો પ્રથમ અંક કયો છે?
(એ) ૨, (બી) ૩, (સી) ૪, (ડી) ૬

૨. ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા?
(એ) જીવરાજ મહેતા, (બી) બળવંતરાય મહેતા, (સી) હિતેન્દ્ર દેસાઈ, (ડી) મોરારજી દેસાઈ.

૩. વિશ્વકપ ક્રિકેટ-૨૦૦૩માં કઈ ટીમ વિશ્વવિજેતા થયેલી?
(એ) ઑસ્ટ્રેલિયા, (બી) વેસ્ટ ઈન્ડીઝ, (સી) ઈંગ્લેન્ડ, (ડી) પાકિસ્તાન

*ઉપરોક્ત સવાલોના જવાબો તા. ૩૧-૩-૨૦૦૭ સુધી, જ્ઞાતિસેતુ કાર્યાલયને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને* **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** *તરફથી રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...*


## રાખ ઉડી જાવાની

*ચિઠ્ઠી ફાટશે ઉપરવાળાની વેળા થાશે તારી જાવાની*
*સગુ કુટુંબ તારૂં ભેગું મળીને ચમચી પાણી પાવાની*
*લોટ પાણીનો લાડવો મુકશે જરૂર હશે નહીં તારે ખાવાની*
*પાંચ પચીસ ભેગા થઈને કરશે ઉતાવળ કાઢી જવાની*
*લાકડા ભેગા બાળી દેશે હશે ઉતાવળ એને ન્હાવાની*
*હાડકા લઈને હાલતા થાશે રાખ તારી ઉડી જાવાની*
*બાર દીં' તારી મોકાણ કરીને પછી મિષ્ટાન્ન ખાવાની*
*પ્રાણની સગી છે આ દુનિયા ઘડીમાં ભૂલી જાવાની.*

***મહેશ નાનાલાલ બુધ્ધભટ્ટી - અંજાર***

# SETU # 2ND PROOF # 30-6

## ॥ ત્રિ-માસિક શ્રધ્ધાંજલિ ॥



• જન્મ •
તા. ૩૧-૫-૧૯૬૬

• સ્વર્ગવાસ •
તા. ૫-૧૧-૨૦૦૬

## રોહિત હરિલાલ કટ્ટા

*ભૂલાશે નહીં કામ તમારા....*
*હતા જગતમાં આપ જ્યારે, નહોતી લેશમાત્ર ચિંતા અમોને ત્યારે*
*ચંદનની જેમ આપે જાત ઘસી કાઢી.*
*અમારા સૌના જીવનને ખુશ્બુથી મહેકાવી દીધા.*

**લીના કટ્ટા**
**જય કટ્ટા**

**અમદાવાદ જ્ઞાતિ તથા જ્ઞાતિ સેતુ**

# SETU # 2ND PROOF # 30-6

## ફાગણીયો લહેરાયો

કેસૂડાની કળીએ બેસી
ફાગણીયો લહેરાયો
આવ્યો ફાગણીયો... રૂડો ફાગણીયો... કેસુડાની...
રંગભરી પિચકારી ઉડે,
હૈયે હરખ ન માયો
અબીલ ગુલાલ ગગનમાં ઉડે... (૨)
વ્રજમાં રાસ રચાયો....
આવ્યો ફાગણીયો... રૂડો ફાગણીયો... કેસુડાની...
લહર લહર લહરાતો ફાગણ
ફૂલડે ફોરમ લાયો
કોકીલ કંઠી કોયલડીએ... (૨)
ટહુંકી ફાગ વધાયો
આવ્યો ફાગણીયો, રૂડો ફાગણીયો, કેસુડાની...
પાને પાને ફૂલડા ધરીયા
ઋતુ રાજવી આયો.
સંગીતની મહેફીલો જામી... (૨)
વસંત - બહાર ગવાયો
હો આવ્યો ફાગણીયો.. રૂડો ફાગણીયો... કેસૂડાની...
રંગોની ઉજાણી ઉડે,
કેસુડો હરખાયો,
ચેતનના ફુવારા છૂટ્યા... (૨)
હોરી ધૂમ મચાયો
આવ્યો ફાગણીયો... રૂડો ફાગણીયો... કેસુડાની...

***હીનલ પ્રકાશભાઈ પોમલ - અંજાર***

**રમેશ એમ. કંસારા**
ફોન : ૦૨૮૩૫-૨૨૩૨૬૬
મો. ૯૮૨૫૧ ૫૧૨૬૫

**ઉદય મંડપ સર્વિસ**
**મંડપ લાઈટ ડેકોરેશન એન્ડ સપ્લાયર્સ**

★ શુભ લગ્ન પ્રસંગ
★ ભાગવત સપ્તાહ
★ રીસેપ્શન સ્ટેજ
★ ફેન્સી ગેટ
★ લોકમેળા

વિરાણી રોડ, મણિનગર, નખત્રાણા,
કચ્છ - ૩૭૦ ૬૧૫.

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "જ્ઞાતિ સેતુ" અંગેની માહિતી**
**ફોર્મ -૪, રૂલ - ૮**

**૧. પ્રકાશનનું સ્થળ** : અમદાવાદ

**૨. પ્રકાશનનો ગાળો** : માસિક

**૩. મુદ્રકનું નામ** : શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ વતી

**મુદ્રકની રાષ્ટ્રીયતા** : ભારતીય

**મુદ્રકનું સરનામું** : ૧૭, વૃંદાવન સોસાયટી,
ઈશ્વરનગર કાંસ પાસે,
ભાડુઆત નગર,
મણિનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**૪. પ્રકાશકનું નામ** : શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ વતી

**પ્રકાશકની રાષ્ટ્રીયતા**: ભારતીય

**પ્રકાશકનું સરનામું** : ૧૭, વૃંદાવન સોસાયટી,
ઈશ્વરનગર કાંસ પાસે,
ભાડુઆત નગર,
મણિનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**૫. સંપાદકનું નામ** : શ્રી હંસરાજ કંસારા

**સંપાદકની રાષ્ટ્રીયતા**: ભારતીય

**સંપાદકનું સરનામું** : એ/૧/૧/૪, સમૃધ્ધિ ફ્લેટ્સ,
રામેશ્વરમ્ એપાર્ટમેન્ટ્સ,
રામદેવનગર, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**૬. અખબારની માલિકી** : શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ — અમદાવાદ

**સરનામું** : ૧૪, ધવલ જ્વેલર્સ,
ચાંલ્લા ઓળ, માણેકચોક,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

*હું, મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

*અમદાવાદ*
*માર્ચ ૨૦૦૭*

***મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા***
*પ્રકાશક અને મુદ્રક - "જ્ઞાતિ સેતુ"*

# SETU # 2ND PROOF # 20.6

# "જ્ઞાતિ-સેતુ" પરિવારમાં નવા જોડાયેલા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | | |
|---|---|---|
| ૧. | સોની પીયુષ સુંદરજી | ભુજ |
| ૨. | સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ | વડાલી |
| ૩. | બગ્ગા જગદીશભાઈ હીરાલાલ | ભુજ |
| ૪. | કટ્ટા ચંદ્રકાંત કરશનદાસ | ભુજ |
| ૫. | સોની કાંતિલાલ વિશનજી | નડિયાદ |
| ૬. | સોની માલતીબેન એન. | ભુજ |
| ૭. | પોમલ જેંતીલાલ શિવલાલ | સાંગલી (મહારાષ્ટ્ર) |
| ૮. | સોની પ્રભુલાલભાઈ વી. | મુલુંડ |
| ૯. | બીજલાણી દયારામભાઈ | ભુજ |
| ૧૦. | કંસારા કનૈયાલાલ મફતલાલ | ડીસા |
| ૧૧. | સોની જયરામભાઈ ધનજીભાઈ | નખત્રાણા |
| ૧૨. | સોની હર્ષદભાઈ દયારામભાઈ | નયા અંગીયા |
| ૧૩. | સોની ભગવાનજી મેઘજી | તેરા |
| ૧૪. | કટ્ટા હસમુખભાઈ પરસોત્તમદાસ | માધાપર |
| ૧૫. | બારમેડા પ્રકાશ ધનજીભાઈ | માધાપર |
| ૧૬. | બારમેડા જયસુખભાઈ જેરામભાઈ | માધાપર |
| ૧૭. | બુધ્ધભટ્ટી રાજેશ વેલજીભાઈ | માધાપર |
| ૧૮. | બુધ્ધભટ્ટી હસમુખલાલ બાબુલાલ | માધાપર |
| ૧૯. | સોની કિરણકુમાર લાલજી | માધાપર |
| ૨૦. | સોની કિશનલાલ જમનાદાસ | માધાપર |
| ૨૧. | સોની ઈશ્વરલાલ કેશવજી | માધાપર |
| ૨૨. | સોની મોહનલાલ નરભેરામ | માધાપર |
| ૨૩. | બુધ્ધભટ્ટી શંકરલાલ વાલજી | મઉ (તા. માંડવી) |
| ૨૪. | મૈચા બિહારીલાલ વેલજી | મિરજાપર |
| ૨૫. | પરમાર બિપીન એમ. | ભુજ |
| ૨૬. | સોની અમરશી વાઘજી | મુલુંડ |
| ૨૭. | બુધ્ધભટ્ટી સંદીપ રમેશભાઈ | ભુજ |
| ૨૮. | સોની ધરમશી હીરજીભાઈ | ગઢશીશા |
| ૨૯. | સાકરીયા બાબુભાઈ એન. | મુંબઈ |
| ૩૦. | પોમલ જયસુખલાલ છગનલાલ | રાયપુર |

## સાભાર સ્વીકાર

★ શ્રી રાજેન્દ્ર કાંતિલાલ બારમેડા (અમદાવાદ) તરફથી **ચિ. રૂપલ**ના લગ્ન પ્રસંગે રૂા. ૧૦૦૧/- સપ્રેમ ભેટ મળેલ છે.

★ શ્રી ગોપાલભાઈ શામજીભાઈ પોમલ (દહેગામ) તરફથી **ચિ. ભાવેશ**ના લગ્ન પ્રસંગે રૂા. ૧૦૦૧/- સપ્રેમ ભેટ મળેલ છે.

'જ્ઞાતિસેતુ' દાતાઓનો આભાર માને છે.

## 'જ્ઞાતિ સેતુ' લવાજમ અંગે....

*આથી 'જ્ઞાતિ સેતુ'ના સર્વે માનવંતા સભ્યોને વિનંતી કે આપનું લવાજમનું વર્ષ પૂરું થઈ ગયું હોય તો તે રીન્યુ કરાવી લેવા વિનંતી છે. હવેથી નાણાંકીય વર્ષ મુજબ લવાજમ લેવાનું હોવાથી માર્ચ-૨૦૦૭ સુધીના લવાજમની રકમ 'જ્ઞાતિસેતુ' કાર્યાલય અથવા આપના નજીકના 'સેતુ'ના માનદ્ પ્રતિનિધિઓને મોકલાવી આપવા વિનંતી છે. વિશેષ માહિતી માટે સંપર્ક:*

| | | |
|---|---|---|
| • શૈલેષ કંસારા | ભુજ | ૯૮૨૪૦ ૩૩૪૪૦ |
| • કમલેશ પોમલ | ભુજ | ૯૮૭૯૩ ૬૦૨૦૫ |
| • લક્ષ્મીદાસ પી. સાકરીયા | ભુજ | ૯૪૨૭૪ ૫૮૭૦૭ |
| • પ્રકાશ પી. સોની | નખત્રાણા | ૯૮૭૯૨ ૭૯૩૨૫ |
| • હેમેન્દ્ર કંસારા | અંજાર | ૯૮૭૯૧ ૯૪૩૩૪ |
| • પ્રકાશ સોની | રાયપુર | ૦૭૭૧-૨૫૫૫૬૬૯ |
| • જયમીન જે. સોની | અમદાવાદ | ૯૮૨૪૫ ૪૬૬૫૦ |
| • સુરેશભાઈ સોલંકી | માંડવી | ૯૮૭૯૨ ૧૬૧૪૦ |
| • હિતેશ સોની | માધાપર | ૯૪૨૭૪ ૪૩૮૭૪ |

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00

# SETU # 2ND PROOF # 30-6